| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૨૯–૦૯–૨૦૦૮ |
| દાખલ તારીખ | : | ૨૯–૦૯–૨૦૦૮ |
| નિકાલ તારીખ | : | ૨૫–૦૩–૨૦૨૧ |
| અવધી : વર્ષ માસ દિવસ | | |

## ભાવનગરના બીજા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.તળાજા

**સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૦**
(જુનો નં.૯૪/૨૦૧૫)
(જુનો નં.૪૮૮/૨૦૦૮)

**આંક નંબર :–**

**ફરીયાદી** : શ્રી સરકાર
(તળાજા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૭/૨૦૦૮)

**વિરૂઘ્ધ :–**

**આરોપીઓ** :

(૧) પરાક્રમસિંહ ઉર્ફે પી.એમ.મહેન્દ્રસિંહ ગોહીલ
રહે.નોકરીયાત સોસાયટી,તળાજા.

(૨) નીઝાર હાજીભાઈ ચારણીયા
રહે.શાસ્ત્રીનગર,તળાજા.

(૩) મુકેશ ઉર્ફે ટીંબો સવજીભાઈ ગોહીલ
રહે.શીવાજીનગર,તળાજા.

(૪) અરૂણ ઉર્ફે પીન્ટુ શ્યામરાવ પાટીલ
રહે.દશરથનગર,રૂમ નં.૩૭,લંબે હનુમાન રોડ,
સુરત.

(૫) દીલીપ ઉર્ફે સુકો બાલાભાઈ મકવાણા
રહે.દીહોર, તા.તળાજા.

**સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦**
(જુનો નં.૧૦૦/૨૦૧૫)
(જુનો નં.૧૦૫૪/૨૦૦૮)

**ફરીયાદી** : શ્રી સરકાર
(તળાજા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૭/૨૦૦૮)

**વિરૂઘ્ધ :–**

**આરોપીઓ** :

(૧) શૈલેષભાઈ મનુભાઈ ઘાંઘલા
રહે.સથરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૨) દીલીપ ઉર્ફે ડી.કે.કાળુભાઈ મકવાણા
રહે.ભારાપરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૩) દીલીપ ઉર્ફે દીપક ઉર્ફે જીતુ હરગોવિંદ જોષી
રહે.કામીનીયાનગર,પ્લોટ નં.૩૧,ભાવનગર.
(મુળ ગામ – દીહોર,તા.તળાજા)

(૪) વિનોદભાઈ ઓઘડભાઈ મકવાણા
રહે.ભારાપરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૫) રમેશભાઈ કેશવભાઈ ચૌહાણ
રહે.મણાર,તા.તળાજા,જિ.ભાવનગર

(૬) જીતેન્દ્રકુમાર હરજીભાઈ મકવાણા
રહે.ભારાપરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૭) લવજીભાઈ પુનાભાઈ મકવાણા
રહે.ભારાપરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૮) જેન્તીભાઈ રૂખડભાઈ મકવાણા
રહે.ભારાપરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૯) ઘનશ્યામભાઈ ભાયશંકરભાઈ જાની
રહે.સથરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૧૦) દયારામભાઈ રામજીભાઈ જાની

રહે.સથરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૧૧) દીનેશકુમાર હરજીભાઈ જાની
રહે.સથરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૧૨) ચંદુલાલ તુલજાશંકર જાની
રહે.સથરા,તા.તળાજા,જિ.ભાવનગર

(૧૩) નારણભાઈ શીવાભાઈ પ્રજાપતિ
રહે.ગારીયાધાર,ભીડભંજન પ્લોટ વિસ્તાર.
(મુળ ગામ–રૂણ,તા.સોજીત્રા,જી.મહેસાણા)

**સેશન્સ કેસ નં.૧૩/૨૦૨૦**
(જુનો નં.૧૧૫/૨૦૧૫)
(જુનો નં.૯૮૨/૨૦૦૯)

**ફરીયાદી** : શ્રી સરકાર
(તળાજા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૭/૨૦૦૮)

**વિરૂધ્ધ :–**

**આરોપી** : સુનિલ ઉર્ફે કાલાસોના લુણાજી સીરવી
ઉ.વ.આ.૨૨,ધંધો.મજુરી કામ,
રહે.દોગાવા,તા.કુક્ષી,જિ.ધાર,સ્ટેટ–મધ્યપ્રદેશ

પ્રોસીકયુશન પક્ષે – વિ.એ.જી.પી.શ્રી.વી.જી.માંડલીયા
આરોપી પક્ષે – વિ.વકીલશ્રી.એચ.એચ.ત્રિવેદી

**ગુનો : આઈ.પી.સી.કલમ–૩૯૫,૩૯૭,૨૧૨,૩૪ તથા ૧૨૦–બી તેમજ આર્મ્સ એકટની કલમ–૨૫ (૧) (એ–બી) મુજબ..**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નં.૧૧/૨૦, ૧૨/૨૦ તથા ૧૩/૨૦ માં પ્રોસીકયુશન તરફે | : | વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયા |

| | | |
|---|---|---|
| **સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૦ નાં કામે**<br>આરોપી નં.૧ અને ૩ તરફે<br>આરોપી નં.૪ તરફે<br>આરોપી નં.૨ અને ૫ તરફે | <br>:<br>:<br>: | <br>વિ.વકીલશ્રી.એચ.એચ.ત્રિવેદી<br>વિ.વશ્રી.વી.બી.રાઠોડ(લીગલ એઈડ)<br>જાતે |
| **સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦ નાં કામે**<br>આરોપી નં.૧ તરફે<br>આરોપી નં.૨,૩,૫ થી ૧૨ તરફે<br>આરોપી નં.૪ અને ૧૩ તરફે | <br>:<br>:<br>: | <br>વિ.વકીલશ્રી.એચ.એચ.ત્રિવેદી<br>વિ.વકીલશ્રી.એચ.જે.ઓઝા<br>જાતે. |
| **સેશન્સ કેસ નં.૧૩/૨૦૨૦ નાં કામે**<br>આરોપી તરફે | <br>: | <br>વિ.વકીલશ્રી.એચ.એચ.ત્રિવેદી |

**-// જજમેન્ટ //-**

**૧.** મુળ અત્રે ઉલ્લેખનીય છે કે,તળાજા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૭/૨૦૦૮ નાં કામે આઈ.પી.સી.કલમ-૩૯૫,૩૯૭,૨૧૨,૩૪ તથા ૧૨૦-બી તેમજ આર્મ્સ એકટની કલમ-૨૫ (૧) (એ-બી) અન્વયે હાલનાં કામનાં ઉપરોકત દર્શાવેલ સેશન્સ કેસનાં આરોપીઓ સામે તપાસનાં અંતે ચાર્જશીટ કરવામાં આવેલ છે. તમામ આરોપીઓ એક જ ગુનાનાં કામનાં હોય,કેસની પુરાવા નોંધવાની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૦ લગત ચલાવવામાં આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષનાં કેસની સંક્ષિપ્ત હકીકત એવી છે કે,

આ કામનાં ફરીયાદી ગુણવંતરાય કેશુભાઈ મકવાણા કે જેઓ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહારનાં કર્મચારી છે અને તળાજા મુકામે તેઓ તેમનાં ઉપરી અધિકારીનાં આદેશથી કેશીયરની ફરજ બજાવતાં હતાં તે દરમ્યાન ગઈ તા.૨૫-૦૧-૨૦૦૮ નાં રોજ કલાક : ૧૧-૦૦ વાગ્યે સરકારી નાણાં રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/-(એક લાખ તોંતેર હજાર પાંચસો બ્યાંશી)એક થેલીમાં લઈને તળાજા એસ.ટી.ડેપો માંથી એસ.બી.એસ,તળાજાની શાખામાં જમા કરવવા માટે ગાયત્રી મંદીરવાળા કાચા રસ્તે જતા હતા તે દરમ્યાન પાછળથી હીરો હોન્ડા મોટર સાયકલ પર ત્રણ અજાણ્યા માણસો આવેલ અને ફરીયાદીને ધકકો મારી પછાડી દઈ,એક ઈસમે

મોટર સાયકલ પરથી નીચે ઉતરી તમંચા જેવા હથિયારથી ફરીયાદી પર ફાયરીંગ કરતાં ફરીયાદીને ડાબા ખભા પર ઈજા આરોપી સુનિલ ઉર્ફે કાલાસોનાએ મોટર સાયકલ પરથી નીચે ઉતરી ફરીયાદીનાં હાથમાં રહેલ લીલા કલરની રોકડ રકમ ભરેલ થેલી ઝુંટવી લઈ લુંટ કરી ભાગી ગયેલ હોવાની ફરીયાદીની ફરીયાદ આધારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર્ડ કરેલ.

**૨.૧** ત્યારબાદ તપાસ કરતાં અગાઉ ખૂન, લુંટ, અપહરણ વિગેરે ગંભીર ગુનાનાં કામનાં આરોપી શૈલેષ ધાંધલાનાં ઘરે તપાસ કરતાં મળી આવેલ નહિં અને તેનાં મોબાઈલ નં.૯૯૭૪૮૧૮૦૦૧ ની કોલ ડીટેઈલ મેળવી આ ગુન્હાનાં કામે અન્ય આરોપીઓ નાં મોબાઈલ નંબરો મળી આવતાં તેઓને પકડી પૂછપરછ કરતાં આરોપીઓ એ અગાઉ તળાજા મુકામે ભેગા થઈ એસ.ટી.નાં કર્મચારીને લુંટી લેવાનું કાવત્રુ રચી પ્લાન બનાવેલ અને તે પ્લાન મુજબ ફરીયાદીને લુંટી લીધેલ ત્યારબાદ અન્ય આરોપીઓએ લુંટ કરી નાસી ગયેલા આરોપીઓને ખાવા,પીવાની તેમજ રહેવા ની વ્યવસ્થા કરી આપી,લુંટેલ રોકડ રકમનાં ભાગ પાડેલ.

**૩.** આમ,ઉપરોકત વિગતે વિગતેની ફરીયાદના અનુસંધાને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે સૌ પ્રથમ નીચેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં ફો.કે.નં.૪૮૮/૨૦૦૮ થી નોંધી,સી.આર.પી.સી.કલમ–૨૦૯ અન્વયે કમીટ કરી મહુવા એડી. સેશન્સ કોર્ટમાં મોકલી આપેલ જયાં સેશન્સ કેસ નં.૯૪/૧૫ થી નોંધવામાં આવેલ.ત્યારબાદ તળાજા મુકામે એડી.સેશન્સ કોર્ટ ચાલુ થતાં સદરહુ ગુનો તળાજા સેશન્સ કોર્ટની હકુમતનો હોય મહુવા સેશન્સ કોર્ટમાંથી અત્રેની સેશન્સ કોર્ટમાં આવતાં તેને સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૦ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**૩.૧** ત્યારબાદ આ ગુનાનાં અન્ય આરોપીઓ એબ્સ્કોન્ડીંગ હોય તેઓને પકડી લાવી તેનાં વિરૂધ્ધ નીચેની અદાલતમાં સદર ગુનાનું પુરવણી ચાર્જશીટ રજુ કરતાં અનુક્રમે ફો.કે. નં.૧૦૫૪/૦૮ અને ફો.કે.નં.૯૮૨/૨૦૦૯ થી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી,સી.આર.પી.સી.કલમ–૨૦૯ અન્વયે કમીટ કરી મહુવા એડી.

સેશન્સ કોર્ટમાં મોકલી આપેલ જ્યાં અનુક્રમે સેશન્સ કેસ નં.૧૦૦/૧૫ અને સેશન્સ કેસ નં.૧૧૫/૧૫ થી નોંધવામાં આવેલ.ત્યારબાદ તળાજા મુકામે એડી.સેશન્સ કોર્ટ ચાલુ થતાં સદરહુ ગુનો તળાજા સેશન્સ કોર્ટની હકુમતનો હોય મહુવા સેશન્સ કોર્ટમાંથી અત્રેની સેશન્સ કોર્ટમાં આવતાં તેને અનુક્રમે સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦ તથા ૧૩/૨૦૨૦ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.સદર ત્રણેય સેશન્સ કેસ ત્યારબાદ એક સાથે આથી ચલાવવામાં આવેલ છે.

૪. ઉપરોકત વિગતે મારાં પુરોગામી સેશન્સ સાહેબશ્રીએ સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૦ નાં આરોપીઓ સામે આંક.૧૪ થી તહોમતનામું ફરમાવી,આંક.૧૫ થી ૧૮ માં પ્લી નોંધેલ છે તેમજ સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦ માં આંક.૩૯ થી તહોમતનામું ફરમાવી,આંક.૪૦ થી ૫૨ માં પ્લી નોંધેલ છે તેમજ સેશન્સ કેસ નં.૧૩/૨૦૨૦ માં આંક.૪ થી તહોમતનામું ફરમાવી,આંક.૫ માં પ્લી નોંધેલ છે.ઉપરોકત તમામ આરોપીઓએ તેઓની સામેનાં ગુનાની ઈન્કારીયત કરતાં કેસોની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવતાં,ત્રણેય કેસો સંદર્ભે સંયુકત પુરાવો રજૂ કરેલ છે.

૫. **:: <u>પ્રોસીકયુશન પક્ષનો પુરાવો</u> ::**

પ્રોસીકયુશન પક્ષને પુરતી તક આપતાં આરોપીઓ સામેના તહોમત મુજબના ગુન્હા પુરવાર કરવા માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવો ::</u>**

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ મંગાભાઈ ડોસાભાઈની જુબાની | ૨૧ |
| ૨ | પંચ ભીમદેવસિંહ જગદીશસિંહ સરવૈયાની જુબાની | ૧૮૦ |
| ૩ | પંચ નરેન્દ્રભાઈ નરભેરામભાઈ બારૈયાની જુબાની | ૧૮૪ |
| ૪ | પંચ કુબેરભાઈ ત્રિકમભાઈ દવેની જુબાની | ૧૮૫ |
| ૫ | પંચ ગજેન્દ્રભાઈ નારસંગભાઈ ચારડીયાની જુબાની | ૧૯૧ |
| ૬ | પંચ મહેબુબભાઈ દાદુભાઈ બેલીમની જુબાની | ૧૯૩ |
| ૭ | પંચ ભરતભાઈ ગોબરભાઈ આજરાની જુબાની | ૧૯૫ |

| | | |
|---|---|---|
| ૮ | પંચ ચાંપરાજભાઈ સોમાતભાઈ મોભની જુબાની | ૧૯૭ |
| ૯ | સાહેદ ભદ્રાબેન ઉર્ફે ભવ્યાબેન વા/ઓ હસમુખરાય શાહની જુબાની | ૧૯૯/૨૮૦ |
| ૧૦ | સાહેદ જીગ્નાબેન વા/ઓ પ્રદીપભાઈ શાહની જુબાની | ૨૦૦ |
| ૧૧ | પંચ રામભાઈ ખોડાભાઈ ભુવાની જુબાની | ૨૦૪ |
| ૧૨ | પંચ દીપકભાઈ હરીલાલ મોઢાની જુબાની | ૨૦૬ |
| ૧૩ | સાહેદ કાંતીભાઈ નારણજીભાઈ જોષીની જુબાની | ૨૦૮ |
| ૧૪ | પંચ અંકલેશભાઈ કરશનભાઈ દીહોરાની જુબાની | ૨૦૯ |
| ૧૫ | સાહેદ વિક્રમસિંહ ભારતસિંહ વાળાની જુબાની | ૨૧૧ |
| ૧૬ | સાહેદ સતીષભાઈ મથુરભાઈ રાઠોડની જુબાની | ૨૧૨ |
| ૧૭ | સાહેદ ઈબ્રાહીમ હમદભાઈ તાલબની જુબાની | ૨૧૩ |
| ૧૮ | ફરીયાદી ગુણવંતભાઈ કેશવભાઈ મકવાણાની જુબાની | ૨૫૮ |
| ૧૯ | પંચ નવીનભાઈ ઠાકરશીભાઈ રાઠોડની જુબાની | ૨૬૫ |
| ૨૦ | સાહેદ પ્રદીપસિંહ મહાવિરસિંહ ગોહીલની જુબાની | ૨૬૭ |
| ૨૧ | સાહેદ અરવીંદભાઈ કલ્યાણજીભાઈ ટાકોદરાની જુબાની | ૨૮૫ |
| ૨૨ | પંચ મધુભાઈ મુળુભાઈ ભમ્મરની જુબાની | ૨૮૬ |
| ૨૩ | પંચ સગરામભાઈ ઠાકરશીભાઈ મકવાણાની જુબાની | ૨૯૧ |
| ૨૪ | પંચ છનુભા બોઘુભા રાઠોડની જુબાની | ૨૯૨ |
| ૨૫ | પંચ ઈસ્માઈલભાઈ નુરમહંમદભાઈ વાળાની જુબાની | ૨૯૪ |
| ૨૬ | પંચ ઈમરાનભાઈ દીલાવરખાન પઠાણની જુબાની | ૩૦૦ |
| ૨૭ | સાહેદ હસમુખભાઈ બચુભાઈ મકવાણાની જુબાની | ૩૨૮ |
| ૨૮ | સાહેદ અંકીત તુલશીભાઈ મકવાણાની જુબાની | ૩૨૯ |
| ૨૯ | તપાસનીશ અમલદાર સુરેશકુમાર વ્રજલાલ આચાર્યની જુબાની | ૩૩૫ |

**(બ) દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીનાં કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૨ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૮૫ |
| ૩ | તા.૩૧/૧/૦૮ નાં રોજનું પોઈન્ટ આઉટ પંચનામું | ૧૯૨ |

| | | |
|---|---|---|
| ૪ | આરોપી મુકેશ પાસેથી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૯૪ |
| ૫ | તા.૨૯/૧/૦૮ નાં રોજનું એમ.સી.આર.કાર્ડ તેમજ ફોટા બતાવ્યા અંગેનું પંચનામું | ૧૯૬ |
| ૬ | તા.૨૩/૨/૦૮ નાં રોજનું પોઈન્ટ આઉટ પંચનામું | ૧૯૮ |
| ૭ | આરોપી અરૂણ ઉર્ફે પિન્ટુનું ઓળખ પરેડ પંચનામું | ૨૦૫ |
| ૮ | આશીર્વાદ ગેસ્ટ હાઉસ,રાજકોટનું પંચનામું | ૨૦૭ |
| ૯ | હાથ બનાવટનો દેશી તમંચો કબજે કર્યાનું પંચનામું | ૨૧૦ |
| ૧૦ | મુળ ફરીયાદી ગુણવંતભાઈએ આપેલ ફરીયાદ | ૨૫૯ |
| ૧૧ | આરોપી નારણ પ્રજાપતિનું અટક પંચનામું | ૨૬૬ |
| ૧૨ | આરોપી દીલીપ બાલાનું ઓળખ પરેડ પંચનામું | ૨૮૭ |
| ૧૩ | આરોપી મુકેશ ઉર્ફે ટીંબાએ હથિયાર તમંચો તથા કાર્ટીઝ રજુ કરેલ તે કબજે કર્યાનું પંચનામું | ૨૯૩ |
| ૧૪ | ઉપરોકત હથિયાર કબજે કર્યાનું ડીસ્કવરી પંચનામું | ૨૯૫ |
| ૧૫ | તપાસનીશ અમલદારે તેની તપાસ દરમ્યાન આરોપીઓ ને એરેસ્ટ કરવા સંલગ્નની કરેલ કામગીરી દરમ્યાન રજુ કરેલ એરેસ્ટ વોરંટ, જેલ ચાદી,એરેસ્ટ મેમો,રીમાન્ડ રીપોર્ટ,રિમાન્ડ વોરંટ,આરોપીને સંભાળી લેવાનો રીપોર્ટ, મેડીકલ રીપોર્ટ,પંચનામા તથા કલમ ઉમેરાનો રીપોર્ટ અને તેનાં ઉપરી અધિકારી સાથે કરેલ પત્ર વ્યવહારનાં તેની જુબાની દરમ્યાન રજુ કરેલ તમામ દસ્તાવેજી કાગળો | ૩૩૬ થી ૪૦૬ |

**૬. સી.આર.પી.સી.કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન :–**

પ્રોસીકયુશન પક્ષના તમામ પુરાવાના અંતે આરોપી પક્ષને પ્રોસીકયુશન પક્ષ તરફે ના પુરાવા સંદર્ભે ખુલાસાની તક મળી રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ દરેક આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવતાં આરોપીઓ એ તેમના વધારાના નિવેદનમાં મહદઅંશે પ્રોસીકયુશન પક્ષ તરફે રજૂ થયેલા તમામ પુરાવાની શકયતાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવી ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.વધુમાં તેમના તરફે બચાવમાં કોઈ જ પુરાવો રજૂ કરવા માંગતા ન હોય તેવી જાહેરાત કરેલ છે.

જેથી આરોપી પક્ષના પુરાવાનો હકક બંધ કરી બંને તરફે દલીલ સાંભળી હાલનું કામ ચૂકાદા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૭. આરોપીઓ સામેના આરોપના સ્વરૂપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઈ ને ધ્યાને લઈ હાલના કેસના ગુણ–દોષ પરના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામનાં તમામ આરોપી ઓએ એસ.ટી.નાં કર્મચારીને લુંટી લેવાનાં ઈરાદે તળાજા મુકામે અગાઉ ભેગા થઈ લુંટનું કાવત્રુ રચેલ અને તે સંદર્ભે ગઈ તા.૨૫/૧/૦૮ નાં રોજ આ કામનાં ફરીયાદી કે જેઓ તળાજા મુકામે એસ.ટી.ડેપોમાં ફરજ બજાવે છે તેઓ સવારે ૧૧–૦૦ વાગ્યે એક લીલા કલરની થેલીમાં એસ.ટી માં આવેલ કેશ રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/– એસ.બી.આઈ.,તળાજા શાખામાં ભરવા માટે એસ.ટી.ડેપો તળાજાથી નીકળી,ગાયત્રી મંદીરવાળા કાચા રસ્તે જતા હતા તે દરમ્યાન આરોપી મુકેશ ઉર્ફે ટીંબો ગોહીલ,અરૂણ ઉર્ફે પીન્ટુ પાટીલ અને દીલીપ ઉર્ફે સુકો મકવાણા પાછળથી મોટર સાયકલ પર આવેલ અને ફરીયાદીને ધકકો મારીને પછાડી દઈ રોકડ રકમ ભરેલ થેલો ઝુંટવતા હોય ફરીયાદીએ પ્રતિકાર કરતાં આરોપી સુનીલ ઉર્ફે કાલા સોનાએ મોટર સાયકલ પરથી ઉતરી દેશી તમંચા વડે ફાયરીંગ કરી, ફરીયાદીને ઈજા કરી,રોકડ રકમ ભરેલો થેલો લુંટી લઈ મોટર સાયકલ પર ટાણા–પીપરલા રોડ પર આવેલ માતાજીનાં મંદીર પાસે રકમની ગણત્રી કરી,અલગ–અલગ જગ્યાએ નાસી ગયેલ અને ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરતાં આરોપી શૈલેષ મનુભાઈ ધાંધલ્યાનાં ફોનની કોલ ડીટેઈલ્સ મેળવી તપાસ કરતાં આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં રહીને તળાજા મુકામે અખાડા પાસે લુંટનું કાવત્રુ રચવાનો પ્લાન બનાવી, ફરીયાદીને લુંટી નાસી જઈ અને અન્ય આરોપીઓએ આ

લુંટ કરનાર ઈસમોને રહેવા, જમવાની તેમજ અન્ય આશરાની વ્યવસ્થા કરી,ભા.દં.સંહિતાની કલમ–૩૯૫,૩૯૭,૧૨૦–બી,૩૪ તથા આર્મ્સ એકટ કલમ–૨૫ (૧) એ.બી.મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદા અંગેના નિર્ણયો નીચે મુજબ છે ::

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

<u>–// કારણો //–</u>

**મુદ્દા નં.૧ :–**

૯. **પુરાવાનો બોજો :–**

મુદ્દા નં.૧ નું સ્વરૂપ જોતાં તથા ક્રીમીનલ લો ના પાયાના સિધ્ધાંતો જોતાં આરોપીઓ વિરૂધ્ધ જયારે ઈ.પી.કોડ કલમ : ૩૯૫,૩૯૭,૧૨૦–બી,૩૪ તથા આર્મ્સ એકટ કલમ–૨૫ (૧) એ.બી. મુજબના ગુન્હા સબબનું તહોમત મૂકવામાં આવેલ છે તેવા સંજોગોમાં હાલના આરોપીઓએ તેમની સામેના આરોપો મુજબ આરોપીઓ તળાજા મુકામે અખાડામાં ભેગા થઈ એસ.ટી.કર્મચારીને કેશ સાથે લુંટી લેવાનું કાવત્રુ રચી ગઈ તા.૨૫/૧/૦૮ નાં રોજ એસ.ટી.કર્મચારી ગુણવંતભાઈ લીલા કલરની થેલીમાં રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/– એસ.બી.એસ.તળાજા શાખામાં જમા કરાવવા માટે તળાજા એસ.ટી.ડેપોમાંથી સવારે ૧૧–૦૦ વાગ્યે નીકળેલ ત્યારે આરોપીઓએ અગાઉ લુંટનાં બનાવેલ પ્લાન મુજબ ફરીયાદી ગાયત્રી મંદીરનાં કાચા રસ્તેથી જતા હતા ત્યારે આરોપીઓ મોટર સાયકલ પર આવી ફરીયાદીને ધકકો મારી પાડી દઈ,તેની ઉપર દેશી તમંચાથી ફાયરીંગ કરી ઈજા કરી રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/–ની લુંટ કરી, આક્ષેપ મુજબના ગુના ગુન્હાહિત કાવતરાના ભાગરૂપે તથા એકસમાન ઈરાદો પાર પાડવાના ભાગરૂપે તેમની સામેના ઘડવામાં આવેલ આરોપ મુજબના ગુન્હાહિત કૃત્ય કરેલ હોય, તેવી

બાબત પુરતાં અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશન પક્ષના શીરે રહે છે.

**૧૦. દલીલોનો ટૂંકસાર :–**

**(એ) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલોનો ટૂંકસાર :–**

દલીલના તબકકે વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલ દરમ્યાન આરોપીઓ સામેના તહોમતનામાની વિગત તરફ ધ્યાન દોરી, ત્યાર બાદ પ્રોસી. તરફે રજૂ કરવામાં આવેલ તમામ પુરાવા એક બાદ એક રીફર કરી,તે તમામ પુરાવાના આધારે કરેલ રજુઆતનાં સાર મુજબ આ કેસમાં એસ.ટી.કર્મચારી શ્રી ગુણવંતભાઈ કે જેઓ આ કામનાં ફરીયાદી છે અને તેમની પાસેથી રોકડ રકમ લુંટીને આરોપીઓ નાસી ગયેલ છે.વધુમાં તેઓ પર ફાયરીંગ પણ કરવામાં આવેલ છે અને તેઓ ઈજા પામનાર પણ છે.તેઓ પાસેથી એસ.ટી.ની કેશ આવેલ રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/– આરોપીઓએ લુંટી લીધાની હકીકત રેકર્ડ પર આવેલ છે તેવી જ રીતે એસ.ટી.નાં અન્ય કર્મચારીઓએ પણ આ લુંટ થયાની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે અને આરોપીઓ પાસેથી મુદ્દામાલ પણ મળી આવેલ છે.વધુમાં આરોપી શૈલેષ મનુભાઈ ધાંધલા કે જેઓ એક હીસ્ટ્રીશીટર છે અને આંતર રાજય ગુનામાં સંડોવાયેલો છે તેની કોલ ડીટેઈલ મેળવતાં હાલનાં કામનાં તમામ આરોપી ઓએ ભેગા થઈ કાવત્રુ રચેલ અને ફરીયાદીને આ કાવત્રામાં લુંટનાં કરેલ પ્લાન મુજબ ગુનો કરી રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/– ની સફળ લુંટ કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ છે, જેથી આરોપીઓને તેમની સામેના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે.

**(બી) આરોપીઓ તરફેની દલીલોનો ટૂંકસાર :–**

દલીલના તબકકે તહોમતદારો તરફે વિ.વશ્રી.ઓની દલીલોના હાર્દને જોવામાં આવે તો તેઓએ મુખ્યત્વે સૌ પ્રથમ આરોપીઓ સામેનાં ઘડવામાં આવેલા આરોપ તરફ ધ્યાન દોરી ત્યારબાદ પ્રોસીકયુશન પક્ષ તરફે આ આરોપો પુરવાર કરવા રજૂ કરેલ પુરાવાને રીફર કરી તે તમામ પુરાવાઓ ઉપર આધાર રાખી દલીલ કરી

જણાવેલ છે કે,પ્રોસીકયુશન તરફે રજૂ કરવામાં આવેલ કોઈપણ પુરાવો આરોપીઓ ને તેમની સામેના આરોપો સાથે સાંકળવા માટે નિ:શંક કે પુરતો નથી કારણ કે જે કહેવાતો બનાવ બનેલ છે તે જાહેર રોડ છે અને સતત અવરજવરવાળો વિસ્તાર છે.સદરહુ બનાવ સ્થળ એસ.ટી.થી માત્ર ૨૦૦ ફૂટ દૂર છે.બનાવ સ્થળ નું પંચનામું જોતાં તેમાં પણ આજુબાજુ રહેણાંકી મકાનો અને દુકાનો આવેલ હોવાનું દર્શાવેલ છે તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષને સમર્થન કરતો નથી. તપાસનીશ અમલદારનાં કથન મુજબ આરોપી શૈલેષ ધાંધલાને ફોન કરતાં તેનો ફોન સ્વીચ ઓફ આવતાં તેની કોલ ડીટેઈલ્સ કઢાવતાં આરોપીઓએ પરસ્પર ફોન કરેલ જે આધારે તપાસ કરી,હાલનાં કામનાં આરોપીઓએ લુંટ કરેલાનું અને આ લુંટમાં હથિયાર વાપરેલ હોવાનું તપાસમાં ખૂલતાં ચાર્જશીટ કરેલ છે,પરંતુ આરોપીઓને ગુના સાથે સતત સાંકળતો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ નથી કારણ કે તપાસ દરમ્યાન કહેવાતા કરવામાં આવેલ સ્વતંત્ર પંચો રૂબરૂ નાં એકપણ પંચનામા સંબંધિત પંચોની જુબાનીથી પુરવાર થતાં નથી.જે મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તે ફરીયાદમાં દર્શાવેલ રોકડ રકમ જેટલી કેશ રજુ થયેલ નથી.જે હથિયાર વાપરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે તે અંગે કોઈ ફોરેન્સીક નિષ્ણાંતનો અભિપ્રાય કે મૌખિક પુરાવો રજુ થયેલ નથી તેમજ તેની રીકવરી પણ પુરવાર થતી નથી.મોબાઈલનું સીમ કાર્ડ એકટીવેટ થયેલ હોય અને તે આધારે ગુન્હો ડીટેકટ થયેલ હોય તેવી બાબત જ પુરાવો પ્રોસીકયુશન તરફે રજૂ કરેલ નથી.તપાસનીશ અમલદારની જુબાની જોવામાં આવે તો, તેઓ એ મહદઅંશે આરોપીઓના કબુલાત સ્વરૂપના નિવેદનો ઉપર મહદઅંશે આધાર રાખી, આરોપીઓ વિરૂધ્ધ ખોટી તપાસ કરેલ છે તથા પોલીસ કસ્ટડી દરમ્યાનના આરોપીઓના કબુલાત સ્વરૂપના નિવેદનો કાયદા મુજબ પુરાવામાં ગ્રાહય નથી તે જોતાં માત્ર તેવી કબુલાતોના કહેવાતા પુરાવા આધારે આરોપીઓને સજા કરી શકાય નહી.જયારે લુંટ કરવાની બાબત સુસંગત ન હોવાનું સ્પષ્ટ થતું ન હોય, આરોપીઓના લુંટના હેતુની બાબત પણ શંકાથી પર રીતે પુરવાર થતી નથી.

હાલના કામે આરોપીઓ પાસેથી કોઈપણ પ્રકારની કોઈ જ ડિસ્કવરી થયેલ નથી તથા આરોપીઓને સંડોવી શકાય તેવો કોઈ લેશમાત્ર પુરાવો પ્રોસીકયુશન પક્ષ તરફથી રજૂ થયેલ નથી. તે સંજોગોમાં પડેલ પુરાવો આરોપીઓને તેમની સામેના ગુન્હા સાથે સાંકળવા પુરતો ન હોય અને પ્રોસીકયુશન પક્ષ આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૧૧. <u>પુરાવાનું મૂલ્યાંકન :-</u>**

**સાહેદોની જુબાની :-**

હાલના કામે આરોપીઓ સામેના આરોપ પુરવાર કરવા પ્રોસીકયુશન પક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં પ્રોસીકયુશન પક્ષ તરફે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

**૧૨.** સદર કામે ફરીયાદ પક્ષે આ કામનાં મુળ ફરીયાદી ગુણવંતભાઈ કેશવભાઈ મકવાણાને આંક.૨૫૮ થી તપાસેલ છે.તેઓએ સોગંદ પર એવો પુરાવો રજુ રાખેલ છે કે, બનાવ સમયે તેઓ એસ.ટી.ડેપોમાં કન્ડકટર હતા,પરંતુ અધિકારીઓ કર્મચારીને જે કામગીરી સોંપે તે કરવાની હોવાથી તેઓ કેશીયર તરીકે ફરજ બજાવતા હતા અને એસ.ટી.ડેપોમાં જે દૈનિક આવક થતી તે રકમ તેઓ એસ.બી. આઈ.બેંકમાં સવારે સાડા દસ વાગ્યાનાં સુમારે એસ.ટી.થી નીકળી એસ.બી.આઈ. બેંક તરફ ચાલીને જમા કરાવવા જતા હતા ત્યારે પાછળથી એક હીરોહોન્ડા પર ત્રણ માણસો આવેલા અને તેની પડખે આવી બાઈકને બ્રેક મારી ઉભી રાખી, બાઈક સવારોએ તેને ધકકો મારીને પાડી દીધેલ અને તમંચા જેવા હથિયારથી ફાયરીંગ કરેલ તેમાં તેને ડાબા ખભે ઈજા થયેલ જેથી તેનો હાથ કમજોર થતાં ડાબા હાથમાં પૈસા ભરેલી થેલી હતી તે લઈને નાસી ગયેલા.તેની પાસે કાપડની થેલી હતી તેમાં એક લાખ તોંતેર હજાર પાંચસો બ્યાંશી પુરા હતાં.કેટલા દરની નોટ હતી તે હાલ યાદ નથી.સાહેદ વધુમાં જણાવે છે કે, તેમને ઈજા થતાં તેનાં અધિકારીઓ

તળાજા સરકારી દવાખાને સારવાર અર્થે લઈ ગયેલા અને ત્યાં પ્રાથમિક સારવાર લઈ તેઓને ભાવનગર સર.ટી.હોસ્પીટલમાં લઈ ગયેલા અને ત્યાં વધુ સારવાર કરાવેલી.તેઓને બે દિવસ દવાખાને રાખેલા ત્યારબાદ ડીસ્ચાર્જ કરેલ.

સાહેદે વધુમાં એવું જણાવેલ છે કે તેમણે બનાવની ફરીયાદ તા.૨૫/૧/૦૮ નાં રોજ આપેલ અને આ બનાવ એસ.ટી.ડેપોની બહાર લગભગ ૨૦૦ ફુટનાં અંતરે જાહેર રોડ પર બનેલ.તેમણે પ્રાથમિક સારવાર લીધા બાદ તળાજા પો.સ્ટે.માં બનાવની ફરીયાદ આપેલી.તેમણે પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલી.આંક.૨૫૯ થી પ્રોસી.પક્ષે ફરીયાદ રજુ કરેલ છે તેમાં તેની સહી ઓળખી બતાવેલ છે.

**૧૨.૧** ફરીયાદીએ વધુમાં એવો પુરાવો રજુ રાખેલ છે કે,તેઓ બાઈક સવારોને ઓળખતા નથી.બનાવ સમયે પણ ઓળખતા ન હતા અને ઘણો સમય થઈ ગયેલ હોઈ આજે પણ ઓળખી શકું નહિં.તેઓને ડી.એસ.પી.કચેરીએ લઈ ગયેલા અને જુદા-જુદા વ્યકિતઓનાં ફોટા બતાવેલા.તેમને મામલતદાર કચેરી માં બોલાવવામાં આવેલા અને ત્યાં ૨૫ થી ૩૦ માણસોને લાઈનસર ઉભા રાખેલા અને બનાવમાં સંડોવાયેલ અને શંકાસ્પદ જણાતાં વ્યકિતઓને ઓળખી કાઢવા બતાવેલ તેથી તેમણે ત્રણ જણાને ઓળખી બતાવેલા.આજરોજ તે આરોપીઓ બતાવવામાં આવે તો હું ઓળખી શકું નહિં.તમંચો બતાવવામાં આવે તો પણ ઓળખી શકું નહિં.તેમને પોલીસે બીજી વખત બોલાવી પૂછપરછ કરેલ હોય તો મને હાલ યાદ નથી.

**૧૨.૨** ત્યારબાદ બચાવ પક્ષેની ઉલટતપાસમાં,કેશીયર તરીકેની કામગીરી તેમને ડેપો મેનેજરે સોંપતો કોઈ લેખિત હુકમ આપેલ નથી તેમજ ડેપોમાં આવતી રોકડ રકમ ચોપડે જમા હોય છે અને તે કેશ બેંકમાં જમા કરાવવા જઈએ ત્યારે સ્લીપ ભરે છે અને સ્લીપમાં ડેપોનાં અધિકારીની સહી લે છે તેમજ આ રોકડ રકમ જમા કરાવવા જઈએ તેની અવરજવર પુસ્તીકા પોલીસને તેમણે રજુ કરેલ નથી તેવી હકીકત કબુલ કરેલ છે તેમજ એ વાત ખરી છે કે બનાવનાં દિવસે બેંકમાં હડતાલ

હતી.મેઈન રોડ પર ઘણાં બધા માણસોની અવરજવર હતી અને મેં બનાવ સમયે બુમાબુમ કરેલી, પરંતુ કોઈ મદદે આવેલ નહિં.બનાવ સ્થળની આજુબાજુ ઘણી દુકાનો આવેલ છે.

આમ,ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેની પાસે એસ.ટી.ની દૈનિક આવેલ કેશ રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/– એક થેલીમાં હતી અને તેઓ ચાલીને તે રકમ ભરવા એસ.ટી.ડેપોથી એસ.બી.આઈ.,તળાજા જતા હતા ત્યારે એક હીરોહોન્ડા પર ત્રણ માણસો આવેલા અને તેને ધકકો મારીને પાડી દઈ તમંચા જેવા હથિયારથી ફાયરીંગ કરી ડાબા ખભે ઈજા કરી રોકડ રકમ ભરેલ થેલો લુંટીને નાસી ગયેલ હોવાની હકીકત ફલિત થાય છે,પરંતુ આ લુંટ કરનાર શંકાસ્પદ ઈસમોને કે જેને તેણે મામલતદાર રૂબરૂ ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા તેને હાલ ઓળખી શકે નહિં તેવું જણાવેલ છે.

**૧૩.** તદુપરાંત ફરીયાદ પક્ષે સાહેદ ભદ્રાબેન ઉર્ફે ભવ્યાબેન વા/ઓ હસમુખરાય શાહને આંક.૧૯૯ થી તેમજ સાહેદ જીગ્નાબેન વા/ઓ પ્રદીપભાઈ શાહ ને આંક.૨૦૦ થી સોગંદ પર તપાસેલ છે.તેઓએ એવો પુરાવો રજુ રાખેલ છે કે, તેનું મકાન તળાજા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે આવેલ છે.બનાવ શું બનેલો તે અંગે કાંઈ જાણતા નથી.મેં કોઈ બનાવ નજરે જોયેલ નથી.આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં એવો પુરાવો રેકર્ડ પર આવેલ છે કે, એ વાત ખરી નથી કે મેં મારાં પોલીસ રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ છે કે, બનાવ સમયે હું બાથરૂમમાં કપડા ધોતી હતી તે દરમ્યાન બે ફટાકડા ફુટવા જેવો અવાજ સંભળાતા હું બહાર નીકળેલી અને દરવાજો ખોલી જોતાં એસ.ટી.તરફ એક ભાઈ દોડતા જતા હતા અને કહેતા હતા કે મને લુંટી લીધો એવું મેં સાંભળેલું. આમ,સદર સાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

**૧૪.** તદુપરાંત ફરીયાદ પક્ષે આંક.૨૧૧ થી સાહેદ વિક્રમસિંહ ભારતસિંહ વાળા ને તપાસવામાં આવેલ છે.તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા, તેઓ દુકાને હાજર હોય અને એસ.ટી.કર્મચારી રૂપિયાની

બેગ લઈને જતા હોય તેની કોઈએ લુંટ કરેલ હોય તેવું જોયેલ નથી અને તેમને આ બાબતે કોઈએ વાત પણ કરેલ નથી.આમ, આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

**૧૫.** તદુપરાંત ફરીયાદ પક્ષે આંક.૨૧૨ થી સાહેદ સતીષભાઈ મથુરભાઈ રાઠોડને તપાસેલ છે.તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા,બનાવ વખતે કોઈ ધડાકો થયેલ હોય અને તેની જાણ થયેલ હોય તેવું બનેલ નથી તેમજ લુંટ કે ફાયરીંગ થયેલ હોવા બાબતે કશું જાણતા નથી.એ વાત ખરી નથી કે તા.૨૪/૧/૦૮ નાં રોજ છ વાગ્યાનાં સમયે મારી દુકાને નિઝાર ખોજા માણેકચંદ ખાવા માટે આવેલો અને થોડીવારમાં બીજા માણસો પણ આવેલા જેમાં એક મુકેશ ઉર્ફે ટીડો પણ હતો.એ વાત ખરી નથી કે મને જાણવા મળેલ કે એસ.ટી. નાં કર્મચારી બેન્કમાં પૈસા ભરવા જતા હતા તે વખતે ત્રણ મોટર સાઈકલવાળા એ તેને લુંટી લીધેલ.આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને સમર્થન કરતો નથી.

**૧૬.** સદર કામે સાહેદ ઈબ્રાહીમ હમદભાઈ તાલબને આંક.૨૧૩ થી તપાસવામાં આવેલ છે.તેઓ બનાવ સમયે તળાજા ડેપોમાં ડ્રાઈવર હતા અને કન્ડકટર ગુણવંતભાઈ તે વખતે ડેપોમાં બુકીંગ ઓફીસમાં કેશીયર તરીકે કામ કરતા હતાં.બનાવનાં દિવસે તેઓ રજા પર હતા અને તેનાં મોટર સાઈકલ પર ઈરફાનભાઈ યુસુફભાઈને પાછળ બેસાડી ગામમાં ખરીદી કરવા ગયેલ અને ખરીદી કરી ગાયત્રીનગરનાં રસ્તે પહોંચતા એસ.ટી.તરફથી પુરઝડપે હીરોહોન્ડા આવેલું અને તેની સાથે ભટકાતા-ભટકાતા રહી ગયેલું.તેઓ એસ.ટી.ડેપોમાં ગયેલા ત્યારે ગુણવંતભાઈ મોટેથી બોલતા હતા કે મારી પાસેથી પૈસા લઈ ગયેલ છે.કોણ લઈ ગયેલ તે બાબતે કશું કીધેલું નહિં.

જયારે બચાવ પક્ષેની ઉલટતપાસમાં એ વાત ખરી છે કે આ મોટર સાયકલ માં કોણ ઈસમો હતા તે હું ઓળખી શકું નહિં.એ વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયેલ નથી.આમ, આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી અને તેનો

પુરાવાથી ગુણવંતભાઈ મોટેથી બોલતા હતા કે તેની પાસેથી પૈસા લઈ ગયેલ છે તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે.

૧૭. તદુપરાંત ફરીયાદ પક્ષે આંક.૨૬૭ થી સાહેદ પ્રદીપભાઈ મહાવિરસિંહ ગોહીલને તપાસેલ છે.તેઓની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા, તા.૨૫/૧/૦૮ નાં રોજ એસ.ટી.વર્કશોપમાં કામ કરતા હતા ત્યારે મહેન્દ્રસિંહ સુપરવાઈઝરનો તેનાં પર ફોન આવેલ અને ગુણવંતભાઈને લુંટી લીધાની વાત કરતાં તેઓ બનાવ સ્થળે ગયેલા ત્યાંથી ગીરવાનસિંહ તથા ગુણવંતભાઈ મકવાણા તરત જ ફરીયાદ કરવા પોલીસ સ્ટેશને પહોંચી ગયેલ.ત્યાર પછી તેઓ પણ પોલીસ સ્ટેશને પહોંચેલા.ગુણવંતભાઈ ને પૂછતાં તેણે લુંટ થયાની હકીકત જણાવેલ.આ થેલામાં આશરે એક લાખ તોંતેર હજાર જેવી રકમ હતી.જયારે બચાવ પક્ષેની ઉલટતપાસમાં,એ વાત ખરી છે કે ગુણવંતભાઈએ કોણ વ્યકિતઓ હતા તેનાં નામ આપેલા નહિં તેમજ તેઓનાં ચહેરા નિશાન કે ઓળખ અંગે કોઈ હકીકત જણાવેલી નહિં.આમ, આ સાહેદનો પુરાવો જોતાં ફરીયાદીને લુંટી લીધેલ હોવાની હકીકત ફલિત થાય છે.

૧૮. સદર કામે સાહેદ અરવીંદભાઈ કલ્યાણભાઈ ટાકોદરાને આંક.૨૮૫ થી પ્રોસી.પક્ષે તપાસેલ છે.તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા, તા.૩–૨–૦૮ ના રોજ પોલીસ વાળા મારી પાસે એક ઈસમ ને લઈને આવેલા અને તેને નામ સરનામુ પુછતા મુકેશ ઉર્ફે ટીબો સવજીભાઈ ગોહીલ રહે–તળાજા વાળો તથા બીજા ત્રણ જણા રાત્રીના ૨૫–૧ ના આશરે સાડા નવેક વાગ્યાના સુમારે મારા કાપડના સ્ટોર પર આવેલા હતા અને એક કાળા કલરનો કોટ ખરીદેલ હતો તેવી હકીકત પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ નથી તેમ જણાવેલ છે.વધુમાં એમ પણ જણાવેલ છે કે તેઓ કાપડનો વેપાર કરે છે, પરંતુ પીના બજારમાં કરતા નથી.સાંગળવા ચોકમાં કરે છે.આમ, આ સાહેદ નો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

૧૯. તદુપરાંત ફરીયાદ પક્ષે આંક.૩૨૮ થી સાહેદ હસમુખભાઈ બચુભાઈ મકવાણા ને તપાસેલ છે.તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા,પોલીસે ત્રણ જણાને પકડેલા અને રીમાન્ડ પર હોય જે પૈકી એકનું નામ પુછતા વીક્રમસિહ મહેન્દ્રસિહ, મુકેશ ઉર્ફે ટીબો રવજીભાઈ અને નીઝારભાઈ હાજીભાઈ હોવાનુ જણાવેલ અને આ પકડાયેલ ત્રણય આરોપીઓએ લુંટ કરી મુકેશ ઉર્ફે ટીબોએ તથા શૈલેષ મનુ ધાંધલ્યાએ બપોરે અઢી વાગ્યાના સમયે ટાણા ગામમા આવેલ હતા અને અમારી દુકાને થી શૈલેષભાઈએ એક કપડા ભરવાની કીટ લીધેલી હતી તે ઈસમોને બતાવતાં અને ઓળખવાનું કહેતાં આ મારી દુકાને આવેલો તે રીતે ઓળખી બતાવેલ હોવાની હકીકત પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ ન હોવાનું જણાવેલ છે.આમ, આ સાહેદે આરોપીઓ ને ઓળખી બતાવેલ હોય તેવો પુરાવો રજુ થયેલ નથી.

૨૦. તદુપરાંત ફરીયાદ પક્ષે આંક.૩૨૯ થી સાહેદ અંકીત તુલશીભાઈ મકવાણા ને તપાસેલ છે.તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા,પોલીસે બે જણાને પકડેલા અને રીમાન્ડ પર હોય જે પૈકી એકનુ નામ પુછતા પરાક્રમસિહ મહેન્દ્રસિહ,મુકેશ ઉર્ફે ટીબો રવજીભાઈ અને નીઝારભાઈ હાજીભાઈ હોવાનુ જણાવેલ અને આ પકડાયેલ ત્રણય આરોપીઓએ લુટ કરી મુકેશ ઉર્ફે ટીબોએ તથા શૈલેષ મનુ ધાંધલ્યા એ મુકેશ ઉર્ફે ટીબોએ બપોરે અઢી વાગ્યાના સમયે ટાણા ગામમા આવેલ હતા અને અમારી દુકાને થી બુટ ચંપલની ખરીદી કરેલ હોવાનુ જણાવેલ અને હાલ મા તમારી સાથે આવેલ ઈસમ મને બતાવેલ અને મને ઓળખવાનુ કહેતા જણાવેલુ કે આ તમારી દુકાને આવેલો અને કોઈ ખરીદી કરી છે કે કેમ. ટાણા ગામમા માતાજીનુ મંદીર આવેલ છે તેની પાસે ડુંગરમા લઈ ગયા બાદ ત્યા લુટના પૈસાની ગણતરી કરી ત્યાં ખાડામાં નાંખી દીધેલ હતા અને પોલીસે કબ્જે કરેલ હોય મને ચંપલ બતાવીને કહેલ કે તમારી સાથે આવેલ તથા તમારા કેસ કાગળો મા રહેલ ભાઈનો ફોટો બતાવેલ અને બીજા ભાઈઓ ગઈ તા. ૨૫–૧–૦૮ ના રોજ બપોરે બે અઢી

વાગ્યાના સમયે અમારી દુકાને બુટ તથા ચંપલ ખરીદી કરવા આવેલ હતા મે તેઓને રુ−૧૦૦ ના ચંપલ અને બુટ આપેલ હતા. બુટ શુ ભાવે આપેલા તેની મને ખબર નથી. અને આ ડુંગરમાથી મળી આવેલ અને આ બુટ ચંપલ ના ખોખા ઉપર જે કંપનીનુ નામ લખેલુ છે તે બતાવીને અંગ્રેજીમા લખેલ હતુ જે અમો ભાવનગર થી લાવીએ છીએ. અને આ ચંપલ અમારી દુકાન સીવાય ટાણામા બીજે કયાય મળે નહી. અને બીજા ભાઈઓ ના નામ પૈકી એકનુ નામ મુકેશભાઈ ઉર્ફે ટીબો હોવાનુ જણાવેલ તથા બીજો શૈલેષભાઈ ધાંધલ્યા હોવાનુ જણાવેલ. અને તે લોકો બુટ ચંપલ લેવા આવેલા તેવી હકીકત પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ હોવાની હકીકત ખરી નથી.આમ, આ સાહેદનાં પુરાવાથી ફરીયાદ પક્ષ ને સમર્થનકારી એવી કોઈ હકીકત મળી આવેલ નથી.

**<u>પંચોની જુબાની :−</u>**

**૨૧.** સદર કામે ફરીયાદ પક્ષે ફરીયાદીનાં કપડા કબજે કર્યાનાં પંચ સાહેદ મંગાભાઈ ડોસાભાઈ તથા ભીમદેવસિંહ જગદીશસિંહ સરવૈયાને અનુક્રમે આંક.૨૧ અને ૧૮૦ થી તપાસી,આંક.૨૨ થી સદર પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓની રૂબરૂમાં પોલીસે ઈજા પામનાર ફરીયાદીનાં કપડા કબજે કર્યાનો ઈન્કાર કરેલ છે.

૨૧.૧ સદર કામે બનાવવાળી જગ્યાનાં પંચ નરેન્દ્રભાઈ નરભેરામભાઈ બારૈયા તેમજ કુબેરભાઈ ત્રિકમભાઈ દવેને અનુક્રમે આંક.૧૮૪ થી તપાસી,આંક.૧૮૫ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા આ પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓની રૂબરૂમાં પોલીસે બનાવ સ્થળનું પંચનામું કરી,સ્થળ પરથી જીણી શીશાની જમીન પર પડેલ ગોળી ઓ તેમજ સત્યોતેર નંગ તેમજ ચાર ગોળાકાર ખાલી તથા આસમાની રંગની ટીકડી ઓ તથા લીલા પોપટી રંગની ગોળાકાર વચ્ચે કાણાવાળી ટીકડી મળતાં પોલીસે તે કબજે લીધેલ તેમજ કન્ટ્રોલ માટી કબજે લીધેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે,પરંતુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

૨૧.૨ સદર કામે પ્રોસી.પક્ષે પંચ ગજેન્દ્રભાઈ નારસંગભાઈ ચારડીયાને આંક.૧૯૧ થી તપાસી,આંક.૧૯૨ થી પોઈન્ટ આઉટ પંચનામું રજુ કરેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,તા.૩૧/૧/૦૮ નાં રોજ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.રૂમમાં પરાક્રમસિંહ, મુકેશભાઈ ઉર્ફે બુધો તથા નાઝીરભાઈ હાજીભાઈ હાજર હતા અને તેઓ કાવતરાવાળી જગ્યા બતાવવા માંગતા હોય વાવ ચોકમાં થઈ ગાંધીજીનાં પુતળા પાસેથી એસ.ટી.તરફ રાઠોડ પાનનો ગલ્લો આવેલ છે તે જગ્યાએ ગાડી ઉભી રખાવેલી અને તેની સામેનાં ભાગે દરવાજો આવે છે ત્યાં ઉભા રહી લુંટનું કાવતરૂ રચેલ હોવાનું જણાવેલ તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે તેમજ એસ.ટી.ડેપોમાં આવેલા અને એસ.ટી.ની પૂછપરછ બારી આગળ ઉભા રહીને ત્યાંથી એસ.ટી.કર્મચારી પૈસા લઈને નીકળેલ તે આરોપી શૈલેષભાઈ એ બતાડેલ હોવાનું આરોપી પરાક્રમસિંહ મહેન્દ્રસિંહે જણાવેલ તેમજ લુંટનો જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યા પણ આરોપીએ પગે ચાલીને બતાવેલ તેવું પંચનામું તેમની રૂબરૂમાં પોલીસે કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.આમ આ પંચ સાહેદ તળાજા પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવી તૈયાર લખેલ કાગળમાં સહી કરાવેલ તેમને કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી તેવી હકીકત ફલિત થાય છે.

૨૧.૩ તદુપરાંત ફરીયાદ પક્ષે પંચ મહેબુબ દાદુભાઈ બેલીમને આંક.૧૯૩ થી તેમજ પંચ ઈમરાન દીલવારખાન પઠાણને આંક.૩૦૦ થી તપાસી,આંક.૧૯૪ થી આરોપી મુકેશ ઉર્ફે ટીડા પાસેથી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,તા.૧/૨/૦૮ નાં રોજ તળાજા પો.સ્ટે.માં તેમને બોલાવી પ્રાથમિક પંચનામું કરેલ અને ત્યાં હાજર આરોપી મુકેશ ઉર્ફે ટીડો લુંટની રકમમાંથી મળેલા ભાગના પૈસા સાત હજાર માંથી ખરીદ કરેલ કપડા તથા વધેલા રૂપિયા બતાવવા માંગતો હોય ગોરખી દરવાજા થઈ તીલક

ચોકમાં થઈ શીવાજીનગર તરફ જતાં ડો.બળદેવભાઈનાં મકાન સામે જીપ ઉભી રખાવી તેની સામેનાં વિલાયતી નળીયાવાળા મકાનમાંથી ટીંગાડેલા કપડા કાઢેલ અને પેન્ટમાંથી પાંચસોનાં દરની એક નોટ અને સો નાં દર ની ૨૪ નોટ તથા પચાસનાં દરની એક નોટ મળી કુલ રૂા.૨૯૫૦/– તેમજ કાળા કલરનું જાકીટ, બુટ કબજે લીધેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.આમ, આ પંચ સાહેદ ફ્રુટની લારીમાં વેપાર કરતાં હોય અને પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે એક લખેલા તૈયાર કાગળમાં પોલીસે સહી કરાવેલ છે તેની રૂબરૂ માં કોઈ મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી તેમ જણાય છે.

૨૧.૪ તદુપરાંત ફરીયાદ પક્ષે પંચ ભરતભાઈ ગોબરભાઈ આજરાને આંક.૧૯૫ થી તપાસી,આંક.૧૯૬ થી એમ.સી.આર.કાર્ડ તેમજ ફોટા બતાવ્યાનું પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,તા.૨૯/૧/૦૮ નાં રોજ સી.પી.આઈ.કચેરીએ પોલીસનાં બોલાવવાથી ગયેલ હોય અને ત્યાં ફરીયાદી ગુણવંતભાઈ કેશુભાઈ હાજર હોય અને તેણે આરોપીઓનાં એમ.સી.આર.કાર્ડ તેમજ આલ્બમનાં ફોટાઓ બતાવતાં જે પૈકી દીલીપ બાલુભાઈ રહે.દીહોર તથા દીનેશ કાળુભાઈનાં ફોટાઓ બતાવતાં ફરીયાદીએ જણાવેલ કે સદરહુ ફોટાવાળા બનાવ સમયે મને માર મારી, મારી પાસેથી રોકડ કેશ રૂા.૧,૭૩,૫૮૨/– નો થેલો લઈ હીરોહોન્ડા પર નાસી ગયેલા તે બાબતનું પંચનામું તેમની હાજરીમાં કરેલ હોવા ની હકીકતનો ઈન્કાર કરેલ છે.આમ, આ પંચ સાહેદ મણારથી આવતા હતા ત્યારે પોલીસે બોલાવી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતાં સહી કરી આપેલ છે જે ઓળખી બતાવેલ છે.આમ, આ સાહેદનાં પુરાવાથી આંક.૧૯૬ થી રજુ પંચનામું પુરવાર થતું નથી.

૨૧.૫ સદર કામે પંચ ચાપરાજભાઈ સોમાતભાઈ મોભ તથા સગરામભાઈ ઠાકરશીભાઈ મકવાણાને અનુક્રમે આંક.૧૯૭ અને ૨૯૧ થી તપાસી,આંક.૧૯૮ થી તા.૨૩/૨/૦૮ નાં રોજ કરેલ પોઈન્ટ આઉટ પંચનામું પ્રોસી.પક્ષે રજુ કરેલ

છે.સદર પંચની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેમની રૂબરૂમાં આરોપી અરૂણ ઉર્ફે પિન્ટુ એ અન્ય આરોપી ઓ સાથે તેઓ ભેગા થયેલા તે જગ્યા બતાવેલ અને ત્યારબાદ એસ.ટી.ની પાછળનાં ભાગની ખૂલ્લી જગ્યાએ પૂછપરછ બારીની પાછળનાં ભાગે શૈલેષ ઉભો હતો તે બાબત તથા પૂર્વ તરફ સુનીલ ઉભેલો તે બાબત તથા દીલીપ બાલાભાઈ પણ ત્યાં ઉભેલો હતો તે બાબત જણાવેલી અને લગભગ અગીયાર વાગ્યે એસ.ટી. નાં કર્મચારી હાથમાં રેકઝીનની થેલી લઈ એકલા નીકળતાં દીલીપ બાલાએ મોટર સાઈકલ શરૂ કરી, પાછળ સુનીલ કાલાસોનાને બેસાડી અને તેની પાસે મોટર સાઈકલ આવતાં તેઓ બન્નેની વચ્ચે બેસી ગયેલા અને થેલી લઈને આવતા માણસને સુનીલ કાલાસોનાએ પછાડી દીધેલ અને તમંચા વતી ફાયરીંગ કરતાં ધડાકો થયેલ તે જગ્યા બતાવેલ હોવાની હકીકત ખરી નહિં હોવા નું જણાવેલ છે.આમ,આ પંચને પોલીસ આરોપી અરૂણ સાથે કોઈ જગ્યાએ લઈ ગયેલ નહિં પણ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે બોલાવી એક તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલ જે સહી આંક.૧૯૮ વાળા પંચનામામાં ઓળખી બતાવેલ છે.

૨૧.૬ તદુપરાંત ફરીયાદ પક્ષે પંચ રામભાઈ ખોડાભાઈ ભુવાને આંક.૨૦૪ થી તપાસી, આંક.૨૦૫ થી આરોપી અરૂણ ઉર્ફે પિન્ટુનું ઓળખ પરેડ પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓએ એવો પુરાવો રજુ રાખેલ છે કે,તા.૨૫/૨/૦૮ નાં રોજ મામલતદાર કચેરી,તળાજા ખાતે ફરીયાદીએ લાઈનમાંથી અરૂણ ઉર્ફે પિન્ટુ શ્યામલાલ પાટીલને ઓળખી બતાવેલ તે અંગેનું પંચનામું તેમની હાજરીમાં કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.આ પંચ સાહેદ પોલીસે કયાં બોલાવી તેની સહી કરાવેલી તે ખબર ન હોવાનું જણાવે છે.આંક.૨૦૫ થી રજુ પંચનામામાં તેની સહી ઓળખી બતાવેલ છે.આમ, તેમની હાજરીમાં મામલતદાર રૂબરૂ કોઈ આરોપીને

લાઈનસર ઉભા રાખી ઓળખની વિધિ કરવામાં આવી હોય તેવું બનેલ નથી તેમ જણાવે છે.આમ આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

૨૧.૭ સદર કામે પંચ દીપકભાઈ હરીલાલ મોઢાને આંક.૨૦૬ થી તપાસી, આશીર્વાદ ગેસ્ટ હાઉસ,રાજકોટનું પંચનામું આંક.૨૦૭ થી રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,તા.૩/૨/૦૮ નાં રોજ આશીર્વાદ ગેસ્ટ હાઉસનાં રૂમ નં.પ માં આરોપી રોકાયેલ હોય મેનેજર કાંતીભાઈ નારણભાઈ જોષી પાસે નોંધ કરાવેલી તે આરોપીનું નામ મુકેશ સવજીભાઈ ગોહીલ,રહે.તળાજા વાળો તા.૨૫/૧ /૦૮ નાં રાત્રનાં સાડા અગીયાર વાગ્યે આવેલો તે વિગતેનું પંચનામું પોલી તેની હાજરીમાં કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.આમ, આ પંચ સાહેદ ગેસ્ટ હાઉસમાં કોઈ આવેલ હોય અને રોકાયેલ હોય અને તેમણે જોયા હોય તેવું બનેલ નથી તેમ જણાવી આંક.૨૦૭ થી રજુ પંચનામામાં માત્ર તેની સહી ઓળખી બતાવેલ છે.આમ,આ પંચનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ બનતો નથી.વધુમાં  સાહેદ કાંતીભાઈ નારણજીભાઈ જોષીને આંક.૨૦૮ થી પ્રોસી.પક્ષે તપાસેલ છે જે આશીર્વાદ ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે નોકરી કરતાં હતાં તેમણે એવું જણાવેલ છે કે પોલીસે માત્ર તેમનું નામ, સરનામું પૂછેલું બીજુ કાંઈ જાણતાં નથી.

૨૧.૮ સદર કામે પ્રોસી.પક્ષે આંક.૨૦૯ થી અંકલેશભાઈ કરશનભાઈ દીહોરાને તપાસી, હાથ બનાવટનો દેશી તમંચો કબજે કર્યાનું પંચનામું આંક.૨૧૦ થી રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,એ વાત ખરી નથી કે તા.૯/ ૧૦/૦૮ નાં રોજ પોલીસે મને એલ.સી.બી.કચેરી,ભાવનગર બોલાવેલો અને ત્યાં શૈલેષ મનુ ધાંધલ્યા, દીનેશ ઉર્ફે ડી.કે. તથા જીતેન્દ્ર ઉર્ફે જીતુ તથા લવજીભાઈ પુનાભાઈ વિગેરે આરોપીઓ હતા અને જે પૈકી આરોપીઓ ગુનામાં વાપરેલ હથિયારો સંતાડેલ હોય તે બતાવવા માંગતા હોય તેનું પ્રાથમિક પંચનામું કરેલ

તથા સરકારી વાહનમાં ભારપરા ગામે ગયેલા અને ત્યાં રામજી મંદીરની શેરીમાં આવેલ એક મકાન આગળ આરોપી જીતેન્દ્ર હરજીભાઈ મકવાણાએ વાહન ઉભુ રખાવી,આગળ ચાલી મકાનની અંદર રાખેલ ડામશીયામાંથી સંતાડેલ ગોદડાની બેવડમાંથી કાઢી રજુ કરતાં એક હાથ બનાવટનો લોખંડનો દેશી તમંચો જેની લંબાઈ છ ઈંચ હતી તે તેમજ જીવતા કાર્ટીઝ બે નંગ જેમાં એક કાર્ટીઝ પર શકિતમાન એકસપ્રેસ–૧૨ તથા બીજા કાર્ટીઝ પર કલેવર મીરાજ–૧૨ લખેલ હતું તે તેમની રૂબરૂ કબજે કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.વધુમાં એવો પુરાવો રજુ રાખેલ છે કે, પોલીસ સ્ટેશને બોલાવી કોઈ આરોપી હથિયાર બતાવવામાં માગતા હોય અને તેનું પ્રાથમિક પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી અને કોઈ આરોપીએ કોઈ જગ્યાએથી હથિયાર કાઢી આપેલ હોય તેવું બનેલ નથી તેમ જણાવી આંક.૨૧૦ થી રજુ પંચનામામાં તેની સહી ઓળખી બતાવેલ છે,પરંતુ તે સહી પોલીસે કયાં કરાવેલી તે હાલ યાદ નથી તેમ જણાવેલ છે.આમ આ પંચના પુરાવાથી મુદ્દામાલ હથિયારની રિકવરી સાબીત થતી નથી.

૨૧.૯ સદર કામે પ્રોસી.પક્ષે પંચ નવીનભાઈ ઠાકરશીભાઈ રાઠોડને આંક.૨૬૫ થી તપાસી,આંક.૨૬૬ થી આરોપી નારણ પ્રજાપતિનું અટક પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,તા.૨૨/૧૦/૦૮ નાં રોજ એલ.સી.બી.પોલીસ સ્ટેશને એક ઈસમ હાજર હતો તેણે તેનું નામ સરનામું પૂછતાં નારણભાઈ શીવાભાઈ પ્રજાપતિ હોવાનું જણાવેલ તેને તેમની રૂબરૂમાં અટક કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.વધુમાં તેઓ ભાવનગર ડી.એસ.પી.ઓફીસ પાસેથી રીક્ષા લઈને પસાર થતા હતા ત્યારે પોલીસે એક કાગળમાં સહી કરવાનું કહેતાં સહી કરી આપેલ તેમ જણાવી આંક.૨૬૬ થી રજુ પંચનામામાં તેની સહી ઓળખી બતાવેલ છે.આમ, આરોપી નારણ શીવા પ્રજાપતિને અટક કર્યાની હકીકત શંકાસ્પદ જણાય છે.

૨૧.૧૦ તદુપરાંત પ્રોસી.પક્ષે પંચ મઘુભાઈ મુળુભાઈ ભમ્મરને આંક.૨૮૬ થી તપાસી, આંક.૨૮૭ થી આરોપી દીલીપ મકવાણા,ઈબ્રાહીમ તાલબ અને દીલીપ બાલા નું ઓળખ પરેડ પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,મામલતદાર કચેરીમાં ગુણવંતભાઈ કેશુભાઈ હાજર હતાં તેમણે લાઈન માં ઉભેલા વ્યકિતઓમાંથી એક વ્યકિતને બહાર કાઢતાં તેમણે પોતાનું નામ દીલીપ ઉર્ફે સુખો બાલાભાઈ મકવાણા હોવાનું જણાવેલ અને તે અંગેનું ઓળખ પરેડનું પંચનામું તેમની રૂબરૂમાં કરેલ ન હોવાની હકીકત જણાવેલ છે.આમ, આ સાહેદે આંક.૨૮૭ થી રજુ પંચનામામાં તેની સહી ઓળખી બતાવેલ છે,પરંતુ તેઓ મામલતદાર કચેરીએ કોઈ ઓળખ પરેડનાં પંચનામામાં ગયેલ નથી તેમ જણાવે છે.આમ, આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

૨૧.૧૧ તદુપરાંત ફરીયાદ પક્ષે પંચ છનુભા બોઘુભા રાઠોડને આંક.૨૯૨ થી તપાસી, આંક. ૨૯૩ થી આરોપી મુકેશે રજુ કરેલ હથિયાર તમંચો તથા કાર્ટીઝ કબજે કરી સીલ પેક કરેલ તે પંચનામું રજુ રાખેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,એવું બનેલ નથી કે મારી હાજરીમાં કોઈ વ્યકિતએ ગુનામાં વાપરેલ હથિયાર રજુ કરતાં પોલીસે કબજે લીધેલ.આમ, આ પંચનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

૨૧.૧૨ તદુપરાંત ડીસ્કવરી પંચનામાનાં પંચ સાહેદ ઈસ્માઈલભાઈ નુરમહંમદભાઈ વાળા ને આંક.૨૯૪ થી પ્રોસી.પક્ષે તપાસેલ છે.તેઓની ઉલટ તપાસ સહિત જુબાની વંચાણે લેતા આ પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે.તેઓ એ એવો પુરાવો રજુ રાખેલ છે કે,એ વાત ખરી નથી કે તા.૨૬–૨–૦૮ ના રોજ તળાજા પો.સ્ટેના પોલીસે મહુવા પો.સ્ટેમા બોલાવેલ અને ત્યા  એક ઈસમ હાજર હતો તેને નામ પુછતા  મુકેશ ઉર્ફે ટીંબો હાજર હતો અને ફાયરીંગ કરી એક લાખ તોતેર હજાર નો થેલો લઈ ભાગી ગયેલા અને ગુનામા વાપરેલ મુ.માલ રજુ કરતા સ્વખુશી દર્શાવેલી.

તેથી સરકારી વાહનમા બેસી ભાદ્રોડ થઈ માલણ નદી આગળથી વાહન ચલાવી ખોડીયાર ટ્રાવેલર્સની ઓફીસ આગળ થઈ શીવાજી ચોક આગળ જતા ઈશારો કરેલ અને સંકલ્પ હોટલની પાછળ બોલાવી અને ત્યા પાછળ છ ફુટ ઘેરાવામા ખોદકામ કરાવેલુ અને ધુળ માથી ૧૦ ઈચ નીચે ખોદતા પ્લાસ્ટીકની ફાટેલ કોથળીમા ક્રીમાનીખોર હેર લખેલુ છાપામાં વિંટાળેલ તમંચો ખોલીને જોતા જે લોખંડનો તમંચો બન્ને બાજુ આછા પોપટી કલરનો માઈક્રો લગાડેલ તે તેણે ગુનામા વાપરેલ હથીયાર તમંચો તથા કાર્ટીઝ રજુ કરતા જે પોલીસે તપાસ અર્થે કબ્જે કરેલો.આ સાહેદ વધુમાં એવો પુરાવો રજુ રાખે છે કે, મહુવા પો.સ્ટે ની બાજુમાં ચા ની કેન્ટીન આવેલ છે તેથી તળાજા પો.સ્ટે.ના પોલીસે એક કાગળમા સહી કરાવેલી. કાગળમા શુ કામ સહી કરાવેલ તે મને ખબર નથી. તે કાગળ મે વાંચેલ નહી. પોલીસે મને તે કાગળ વાંચી સંભળાવેલ નહી. એવુ બનેલ નહી કે તળાજા પો.સ્ટેના બોલાવવાથી મહુવા પો.સ્ટેમા હાજર થયેલા અને આરોપીએ ગુનામા લુંટ કરેલ તે રોકડ તથા ગુનામા ઉપયોગ કરેલ સાધન રજુ કરવાની ખુશી દર્શાવેલી. એવુ બનેલ નથી કે મારી રુબરુમા આરોપીઓએ ગુનામા વાપરેલ તમંચો તથા કાર્ટીઝ રજુ કરેલી. આરોપી કે મુ.માલ બતાવવામા આવે તો ઓળખી શકુ નહી.આમ, આ સાહેદ નો પુરાવો ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો કહી શકાય નહિં અને તેમની જુબાની દરમ્યાન પ્રોસી.પક્ષે રજુ કરેલ આંક.ર૯પ વાળુ ડીસ્કવરી પંચનામું પુરવાર થતું નથી.

**પોલીસ સાહેદ :–**

**રર.** સદર કામે પ્રોસી.પક્ષે આંક.૩૩પ થી આ કામનાં તપાસનીશ અમલદાર સુરેશ કુમાર વૃજલાલ આચાર્યને તપાસેલ છે.તેઓએ સરતપાસમાં તપાસ દરમ્યાન કરેલ કામગીરી સબબનો રીપોર્ટ રજુ કરેલ છે અને તપાસ દરમ્યાન જે દસ્તાવેજો પર આધાર રાખેલ તે આ કામે અનુક્રમે આંક.૩૩૬ થી ૪૦૬ સુધીનાં રજુ રાખેલ છે અને તમંચો ઓળખી બતાવેલ છે અને પુરતો પુરાવો હોય હાલનું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે જયારે બચાવ પક્ષેની ઉલટતપાસમાં,તેમને તા.ર૫/૧

/૦૮ નાં રોજ ફરીયાદની તપાસ સોંપવામાં આવેલ જેમાં આરોપીનાં નામ કે વર્ણન અંગે જણાવવામાં આવેલ નહિં તેમજ તેમણે કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી અને તેમની તપાસ દરમ્યાન જે કોઈ આરોપી પાસેથી તમંચો મળેલ તેની અલગથી ફરીયાદ કરેલ નથી તેમજ સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦ નાં કામે આરોપીઓ વિરૂધ્ધ કોઈ સ્વતંત્ર ફરીયાદ દાખલ કરેલ નહિં તેવી હકીકત કબુલ કરેલ છે.આનાથી વિશેષ અન્ય કોઈ હકીકત ત.ક.અમલદારનાં પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી.

**૨૩.** પ્રસ્તુત કેસમાં આરોપીઓ વિરૂધ્ધ ભા.દં.સંહિતાની કલમ–૩૯૫, ૩૯૭, ૨૧૨, ૩૪,૧૨૦ (બી) તથા આર્મ્સ એકટ કલમ–૨૫(૧) એ.બી.મુજબનો ગુનો કરેલ હોવાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

આરોપીઓ વિરૂધ્ધ કલમ – ૩૯૫ વિરૂધ્ધનો ગુનાં અન્વયે કલમ–૩૯૧ વંચાણે લેવામાં આવે તો પાંચ અથવા વધારે વ્યકિતઓ સાથે મળી લુંટ કરે અથવા લુંટની કોશીષ કરે અથવા જે વ્યકિતઓ સાથે મળીને લુંટ કરતી હોય અથવા લુંટ કરવાની કોશીષ કરતી હોય અને જે વ્યકિતઓ હાજર રહીને લુંટ કરવામાં અથવા લુંટ કરવાની કોશીષ કરવામાં મદદ કરતી હોય તે તમામ મળીને પાંચ અથવા તેથી વધુ સંખ્યામાં હોય, ત્યારે તે રીતે લુંટ કરતી, લુંટ કરવાની કોશીષ કરતી અથવા તેમાં મદદગારી કરી પ્રત્યેક વ્યકિતએ '' ધાડ '' પાડી એમ કહેવાય. જયારે કલમ–૩૯૫ એ ધાડ માટે આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખ્ત કેદ ની સજા તથા તે દંડને પાત્ર થશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.આમ,કલમ – ૩૯૫ ની સાબિતી માટે કલમ – ૩૯૧ મુજબનાં ગુનાનાં આવશ્યક તત્વો સંતોષાતા હોય તો  આરોપીઓને સજા કરી શકાય. તદુપરાંત ભા.દં.સંહિતાની કલમ–૩૯૭ મુજબ ગુનેગારે લુંટ અથવા ધાફ પાડતા સમયે પ્રાણઘાતક હથિયાર નો ઉપયોગ કરેલ હોય અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા કરે અથવા મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા પહોંચાડવાની કોશીષ કરે તો સાત વર્ષથી ઓછી નહિં તેવી કેદની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**૨૪.** ઉપરોકત કરવામાં આવેલી જોગવાઈ સંદર્ભે આ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદી ગુણવંતભાઈ એસ.ટી.માં તેનાં ઉપરી અધિકારીની સૂચના મુજબ કેશીયર તરીકે ફરજ બજાવતાં હતાં અને તે દરમ્યાન ગઈ તા.૨૫–૦૧–૨૦૦૮ નાં રોજ કલાક : ૧૧–૦૦ વાગ્યે સરકારી નાણાં રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨/–(એક લાખ તોંતેર હજાર પાંચસો બ્યાંશી)એક થેલીમાં લઈને તળાજા એસ.ટી.ડેપો માંથી એસ.બી.એસ, તળાજા ની શાખામાં જમા કરવવા માટે ગાયત્રી મંદીરવાળા કાચા રસ્તે જતા હતા તે દરમ્યાન પાછળથી હીરો હોન્ડા મોટર સાયકલ પર ત્રણ અજાણ્યા માણસો આવેલ અને ફરીયાદીને ધકકો મારી પછાડી દઈ,એક ઈસમે  મોટર સાયકલ પરથી નીચે ઉતરી તમંચા જેવા હથિયારથી ફરીયાદી પર ફાયરીંગ કરતાં ફરીયાદીને ડાબા ખભા પર ઈજા આરોપી સુનિલ ઉર્ફે કાલાસોનાએ મોટર સાયકલ પરથી નીચે ઉતરી ફરીયાદીનાં હાથમાં રહેલ લીલા કલરની રોકડ રકમ ભરેલ થેલી ઝુંટવી લઈ લુંટ કરી ભાગી ગયેલ હોવાની ફરીયાદીની ફરીયાદ આધારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર્ડ કરેલ.

૨૪.૧ ફરીયાદીની ઉપરોકત ફરીયાદ હકીકત મુજબ ગુનો નોંધી સંબંધિત પોલીસ સ્ટેશન નાં પોલીસ અમલદારનાં કથન મુજબ અગાઉ ખૂન, લુંટ, અપહરણ વિગેરે ગંભીર ગુનાનાં કામનાં આરોપી શૈલેષ ધાંધલાનાં ઘરે તપાસ કરતાં મળી આવેલ નહિં અને તેનાં મોબાઈલ નં.૯૯૭૪૮૧૮૦૦૧ ની કોલ ડીટેઈલ મેળવી આ ગુન્હાનાં કામે અન્ય આરોપીઓ નાં મોબાઈલ નંબરો મળી આવતાં તેઓને પકડી પૂછપરછ કરતાં આરોપીઓ એ અગાઉ તળાજા મુકામે ભેગા થઈ એસ.ટી.નાં કર્મચારી ને લુંટી લેવાનું કાવત્રુ રચી પ્લાન બનાવેલ અને તે પ્લાન મુજબ ફરીયાદીને લુંટી લીધેલ ત્યારબાદ અન્ય આરોપીઓએ લુંટ કરી નાસી ગયેલા આરોપીઓને ખાવા,પીવાની તેમજ રહેવાની વ્યવસ્થા કરી આપી,લુંટેલ રોકડ રકમનાં ભાગ પાડેલ.

આમ, ઉપરોકત વિગતે આરોપીઓ વિરૂધ્ધ પૂરતા પુરાવાનાં આધારે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં તપાસનીશ

અમલદારે આરોપી શૈલેષ મનુભાઈ ધાંધલાનાં મોબાઈલ નં.૯૯૭૪૮૧૮૦૦૧ ની કોલ ડીટેઈલ મેળવી આ ગુન્હાનાં કામે અન્ય આરોપીઓ નાં મોબાઈલ નંબરો મળી આવતાં તેઓને પકડી પૂછપરછ કરતાં હાલનો ગુનો ડીટેકટ થયેલ તેવું તેમણે પુરાવામાં જણાવેલ છે.આ કામે રજુ થયેલ પુરાવો જોતાં જે કોલ ડીટેઈલ્સ નું કથન તપાસનીશ અમલદાર ધ્વારા તેનાં પુરાવામાં કરવામાં આવેલ છે તે કોલ ડીટેઈલ્સનો કોઈ ફોરેન્સીક આધાર પુરાવો કે તે સંદર્ભે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૬૫ (બી) નું સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે એટલું જ નહિં પણ કહેવાતી કોલ ડીટેઈલ્સને પ્રોસી.પક્ષે પુરાવામાં રિફર કરેલ નથી.વધુમાં આ કામે આરોપીઓનાં અટક પંચનામાનાં તેમજ ઓળખ પરેડનાં તમામ પંચોએ તેમની હાજરીમાં આરોપીઓને અટક કરવામાં આવેલ હોવાની હકીકતનો તેમજ તેમની રૂબરૂમાં મામલતદારશ્રી સમક્ષ ફરીયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલ હોવા ની હકીકતનો ઈન્કાર કરેલ છે એટલે કે સ્વતંત્ર સાહેદોનાં પુરાવાથી પણ આરોપી ઓ ગુનાનાં કામે સંકળાયેલ હોવાનું ફલિત થતું નથી સાબિત થતું નથી.આરોપી શૈલેષ મનુભાઈ ધાંધલા અગાઉ લુંટ, ખૂન, અપહરણ વિગેરે ગંભીર ગુનાનાં કામે સંડોવાયેલ હોય તે આધારે માત્ર તેની કોલ ડીટેઈલ્સ મેળવી તપાસ કરી ચાર્જશીટ રજુ કરેલ છે,પરંતુ બનાવ સ્થળે કહેવાતા એક પણ આરોપીની હાજરી ને પુષ્ટી મળતી નથી કારણ કે બનાવ સ્થળની બાજુમાં શીવ હોટલ નામની ચા–પાણીની દુકાન ધરાવતા સાહેદ વિક્રમસિંહ ભારતસિંહ વાળાને આંક.૨૧૧ થી તપાસેલ છે તેઓએ એવો પુરાવો રજુ રાખેલ છે કે,<u>હું મારી દુકાને હોવ અને કોઈ એસ.ટી.કર્મચારી રૂપિયાની બેગ લઈને જતા હોય તેની કોઈએ લુંટ કરેલ હોય તેવું મેં કાંઈ જોયેલ નથી કે મને આ બાબતે કોઈએ વાત કરેલ નથી.</u> આમ, આ સાહેદ કહેવાતા બનાવ સંદર્ભે આ સાહેદે પ્રોસી.પક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.તદુપરાંત સાહેદ સતીષભાઈ મથુરભાઈ રાઠોડને આંક.૨૧૨ થી પ્રોસી.પક્ષે તપાસેલ છે તેનો સોગંદ પરનો પુરાવો જોતાં,<u>મારે ગાંધીજીનાં પુતળા,તળાજામાં પાન–માવાની દુકાન હતી.મારી દુકાને કોઈ આરોપીઓ આવેલા હોય તેવું બનેલ</u>

નથી.બનાવ વખતે કોઈ ધડાકો થયેલો હોય અને ફાયરીંગ થયેલ હોય તેવું બનેલ નથી. આ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેની ઉલટતપાસ વંચાણે લેતા, એ વાત ખરી નથી કે મેં મારાં પોલીસ રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' તા.૨૪/૧/૦૮ નાં છ વાગ્યાનાં સમયે મારી દુકાને તળાજાનાં નિઝાર ખોજા માણેકચંદ ખાવા માટે આવેલો અને થોડીવારમાં બીજા માણસો પણ આવેલા તેમાં એક મુકેશ ઉર્ફે ટીડો પણ હતો.'' એ વાત ખરી નથી કે ત્યારબાદ તા.૨૫/૧/૦૮ નાં લગભગ દસેક વાગ્યાનાં સમયે મારી દુકાને મુકેશ સવજી માવો ખાવા આવેલો અને તેનાં પહેલાં પી.એમ.ગોહીલ પણ પાન-માવો ખાવા આવેલો.એ વાત ખરી નથી કે ત્યારબાદ અગીયાર વાગ્યે એસ.ટી.તરફ ફટાકડા જેવો મોટો અવાજ થયેલો અને પછી એક માણસ મોટર સાઈકલ લઈ અમારી દુકાન સામે આવેલ તેણે પી.એમ.ગોહીલની મશ્કરી કરી જતો રહેલો.એ વાત ખરી નથી કે ત્યારબાદ મને જાણવા મળેલ કે એસ.ટી.નાં કર્મચારી બેન્કમાં પૈસા ભરવા જતા હતા તે વખતે ત્રણ મોટર સાઈકલવાળાએ તેને લુંટી લીધેલ. આમ,આ સાહેદ ફરીયાદ હકીકતે તેનાં નિવેદનથી તદ્દન વિપરીત પુરાવો રજુ કરે છે જેથી તેનો પુરાવો પણ ફરીયાદ પક્ષને સમર્થન કરતો નથી.એ જ રીતે સાહેદ ભદ્રાબેન ઉર્ફે ભવ્યાબેન વા/ઓ હસમુખભાઈ શાહ અને સાહેદ જીગ્નાબેન વા/ઓ પ્રદીપભાઈ શાહે અનુક્રમે આંક.૧૯૯ (૨૮૦) તથા આંક.૨૦૦ થી જે સોગંદ પર જુબાની આપેલ છે તે ફરીયાદ પક્ષને મદદરૂપ થતી નથી.વધુમાં આ કામે એસ.ટી.નાં કર્મચારીઓને તપાસવામાં આવેલ છે,પરંતુ એકપણ કર્મચારી બનાવ નજરે જોનાર સાહેદ નથી.તેઓને ફરીયાદી ગુણવંતભાઈએ કહેલ હકીકત મુજબનો પુરાવો રજુ રાખેલ છે.

**૨૫.** આ કામનાં પ્રોસી.પક્ષનાં મહત્વનાં સાહેદ ફરીયાદી ગુણવંતભાઈ કેશવભાઈ મકવાણા છે જેઓ કહેવાતા બનાવમાં ઈજા પામનાર પણ છે તેની જુબાની આંક.૨૫૮ થી રજુ છે તે વંચાણે લેતા,સરતપાસમાં એવું જણાવેલ છે કે,મેં બનાવની ફરીયાદ તા.૨૫/૧/૦૮ નાં રોજ આપેલી.બનાવ અમારાં એસ.ટી.ડેપો

ની બહાર લગભગ ૨૦૦ ફુટનાં અંતરે જાહેર રોડ પર બનેલો.મેં બનાવની ફરીયાદ પ્રાથમિક સારવાર લીધા બાદ તળાજા પો.સ્ટે.માં આપેલી. આમ, ફરીયાદી બનાવ ની ફરીયાદ પ્રાથમિક સારવાર લીધા બાદ તળાજા પોલીસ સ્ટેશનમાં આપેલ હોવા નું જણાવે છે,પરંતુ તેઓએ લીધેલ સારવારનાં કોઈ મેડીકલ પેપર્સ આ કામે રજુ થયેલ નથી કે તેમને સારવાર આપનાર મેડીકલ ઓફીસરને આ કામે પ્રોસી.પક્ષે તપાસેલ નથી.એટલું જ નહિં તે સંદર્ભે સાહેદ પ્રદીપસિંહ મહાવિરસિંહ ગોહીલે આંક –૨૬૭ થી એવો પુરાવો રજુ રાખેલ છે કે,બનાવ ૨૫–૧–૦૮ ના રોજ બનેલો. હું બનાવ સમયે તળાજા એસ.ટી વર્કશોપમા મારી ઓફીસમા મારુ કામ કરતો હતો. ત્યારે મારા સુપરવાઈઝર મહેન્દ્રસિહનો ફોન આવેલો અને એવુ જણાવેલ કે ગુણવંતભાઈ કેશ લઈને અગીયાર સાડા અગીયાર વાગે જતા હતા ત્યારે લુટ થયેલ છે તેવો ફોન આવતા હુ તરત બનાવ સ્થળે ગયેલો. ત્યાથી અમારા સુપરવાઈઝર ગીરવાનસિહ તથા ગુણવંતભાઈ મકવાણા તરતજ ફરીયાદ કરવા પો.સ્ટે પહોચી ગયેલ. આમ, આ સાહેદનાં કથન મુજબ ફરીયાદી તેનાં સુપર વાઈઝર ગીરવાનસિંહને સાથે લઈને પોલીસ સ્ટેશને બનાવ સ્થળેથી ગયેલા તેમ જણાવે છે જયારે ફરીયાદી પ્રાથમિક સારવાર લીધા બાદ ગયેલ હોવાનું જણાવે છે. જે વિરોધાભાસી હકીકત છે.વધુમાં ફરીયાદી તેની ઉલટતપાસમાં,એ વાત ખરી છે કે,અમારાં ડેપોમાં આવતી કેશ અમારાં ચોપડે જમા હોય છે અને તે કેશ બેંક માં જમા કરાવવા જઈએ ત્યારે સ્લીપ ભરીએ છીએ. બચાવ પક્ષે આરોપીઓ તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે જે રકમની લુંટની ફરીયાદ કરવામાં આવેલ છે તેવી રકમની કોઈ કાયદેસરની સ્લીપ ફરીયાદ પક્ષે આ કામે રજુ કરેલ નથી જે શંકાસ્પદ છે.એ વાત ખરી છે કે, ડેપો મેનેજર તરફથી મને રોકડ રકમ જમા કરાવવા માટે કોઈ ગાર્ડ કે વાહન આપવામાં આવેલ ન હતું એટલે કે સરકારી નાણાંની આવી મોટી રકમ લઈને ફરીયાદી માત્ર એકલા જ અને ચાલીને કાચા રસ્તે જતા હતાં.એ વાત ખરી છે કે, બનાવ સ્થળની આજુબાજુ ઘણી દુકાનો આવેલ છે.રોડ પર આજુબાજુ પબ્લીકની અવરજવર હતી. તપાસીનીશ અમલદારે પણ બનાવ સ્થળ જાહેર રોડ

હોવાની હકીકત અને ત્યાં સતત પબ્લીકની અવરજવર હોવાનું સ્વીકારેલ છે તેમ છતાં આવી લુંટની ઘટના બની હોય અને કોઈ પ્રાણઘાતક હથિયારથી ફરીયાદી ઉપર હુમલો કરેલ હોય તેવું નજરે જોનાર મળી ન આવે તે બની શકે નહિં.

**૨૬.** આ કામે પ્રોસી.પક્ષે રજુ થયેલ ડીસ્કવરી પંચનામા અને પોઈન્ટ આઉટ પંચનામા નાં સ્વતંત્ર એવા પંચ સાહેદોએ તેની હાજરીમાં થયેલ ન હોવાનો પુરાવો રજુ રાખેલ છે એટલું જ નહિં પણ બનાવ સ્થળનાં પંચોએ પણ તેમની હાજરીમાં પંચનામું કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.જેથી કહેવાતા પંચનામાં પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ નથી.આ કામનાં તપાસનીશ અમલદારે તેની ઉલટાતપાામસાં એવું જણાવેલ છે કે,<u>એ વાત ખરી છે કે, મને તા.૨૫/૧/૦૮ નાં રોજની ફરીયાદની તપાસ સોંપવામાં આવેલ તેમાં આરોપીનાં નામ કે વર્ણન અંગે જણાવવામાં આવેલ નહિં.</u> આમ,જયારે તપાસનીશ અમલદાર ખૂદ આરોપીનાં નામ કે વર્ણન જણાવવા માં આવેલ ન હોવાનું જણાવતાં હોય અને બનાવ સ્થળની આજુબાજુનાં સાહેદો એ ઘટનાને સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય ત્યારે માત્ર આરોપી શૈલેષ મનુભાઈ ધાંધલા કે જેઓ અગાઉ ગંભીર પ્રકારનાં ગુનામાં સંડોવાયેલ હોય અને તેની કોલ ડીટેઈલ્સનાં આધારે આરોપીઓએ એક પછી એક પકડી લાવી ગુના માં આરોપી તરીકે બતાવી ચાર્જશીટ કરેલ છે,પરંતુ કલમ–૬૫ (બી) નાં સર્ટીફીકેટ નાં અભાવે સાંયોગીક પુરાવા તરીકે આવી કોલ ડીટેઈલ્સ સાબિત થતી નથી. જયારે કોલ ડીટેઈલ્સ આધારે આરોપીઓને પકડી લાવી ગુનો કર્યાનો પ્રોસીકયુશન પક્ષનો આક્ષેપ હોય ત્યારે આરોપીઓએ એકબીજાની મદદગારીમાં રહીને લુંટનો પ્લાન બનાવી કાવત્રુ ઘડેલ હોવાનું પ્રાથમિક રીતે પુરવાર થવું જોઈએ જેનો હાલ નાં પુરાવામાં અભાવ રહેલ છે.વધુમાં અન્ય આરોપીઓએ મુખ્ય આરોપીઓ કે જે લુંટમાં સંડોવાયેલ છે તેને આશ્રય આપી મદદગારી કર્યાનો પ્રોસી.પક્ષેનો કેસ છે, પરંતુ તેવા કહેવાતા આશ્રયનાં સ્થાન બાબતે કોઈ પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી.જેથી ઉપરોકત પુરાવા આધારે ભારતીય દંડ

સંહિતાની કલમ–૩૯૫,૩૯૭,૨૧૨,૩૪ તથા ૧૨૦ (બી) મુજબનો ગુનો આરોપી ઓએ કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતું નથી તેવું મારૂં માનવું છે.

**૨૭.** હાલનાં કેસમાં આરોપીઓ વિરૂધ્ધ આર્મ્સ એકટ કલમ–૨૫(૧) એ.બી. મુજબનાં ગુનાનું તહોમત પણ રહેલ છે તે સંદર્ભે તપાસનીશ અમલદારનો પુરાવો જોવામાં આવે તો '' શ્રી જાડેજા પો.સ.ઈ.,એલ.સી.બી.,ભાવનગર તરફથી અલંગ પો.સ્ટે. ને આરોપી શૈલેષ મનુ તથા દીનેશ ઉર્ફે ડી.કે.એ હાથ બનાવટનો તમંચો અને જીવતા કારતુસ જણાવેલ જે ગેરકાયદેસર હથિયારો પંચો રૂબરૂ કાઢી આપતાં આરોપીએ લાયન્સ વગર ગેરકાયદેસર રાખી આર્મ્સ એકટની કલમ–૨૫(૧) એ. બી.મુજબનો ગુનો કરેલ હોય તેનાં સામે ધોરણસર થવા ફરીયાદ દાખલ કરવા રીપોર્ટ છે. સદર જુબાની અન્વયેનો રીપોર્ટ આ કામે આંક.૩૬૦ થી રજુ છે,પરંતુ આરોપી વિરૂધ્ધ અલગથી આર્મ્સ એકટની એફ.આઈ.આર.નોંધવામાં આવેલ નથી.ઉપરોકત આરોપીઓએ પંચો રૂબરૂ હથિયારો તેમજ કાર્ટીઝ રજુ કરેલ હોવાનું પ્રોસી.પક્ષે દલીલમાં જણાવેલ છે,પરંતુ મુદ્દામાલ રિકવરીનાં પંચોએ તેમની રૂબરૂ માં આરોપીએ દેશી હાથ બનાવટનો તમંચો અને કાર્ટીઝ કાઢી આપેલ હોય તેવું બનેલ નથી તેમ જણાવેલ છે તેમજ આ કામે કોઈ એફ.એસ.એલ.રીપોર્ટને સમર્થન કારી કોઈ મૌખિક પુરાવો પણ રજુ થયેલ નથી એટલું જ નહિં પણ ફરીયાદીએ તેનાં ડાબા હાથે ઈજા થયાની હકીકત જણાવેલ છે,પરંતુ તેની સારવારનાં કોઈ પેપર્સ આ કામે રજુ કરેલ નથી જેથી ફરીયાદીનાં કથન મુજબ તેને થયેલ ઈજા હથિયારથી થયેલ હોવાનું માની શકાય નહિં જેથી બનાવ સમયે આરોપી પાસે હથિયાર હોવા ની ફરીયાદ પક્ષની ફરીયાદ હકીકત શંકાસ્પદ બની જાય છે.જયાં સુધી આ સાહેદ ના પુરાવાની ગ્રાહયતા તથા તેના મુલ્યાંકનનો પ્રશ્ન છે ત્યાં સુધી આ સાહેદે તેની તપાસ દરમ્યાન જે સાહેદોના નિવેદન લીધાં હોવા અંગેની વિગતો જણાવે છે તથા જે કાંઈપણ મુદ્દામાલ પંચનામા કરીને કબજે કરવામાં આવેલ હોય તેવી વિગતો જણાવે છે તેવા નિવેદનોની વિગતોને આગળ ઉપર ચર્ચા કર્યા મુજબના સાહેદો પોતાની જુબાનીમાં કોઈ જ  સમર્થન આપતાં નથી તે જોતાં તપાસ કરનાર

અમલદારની આ સાહેદોના નિવેદન સંદર્ભેની વિગતોને જયારે જે તે સાહેદ સોગંદ ઉપરની જુબાની દરમ્યાન સમર્થન આપતાં ન હોય તેવા સંજોગોમાં સાહેદો એ પોતાની સમક્ષ નિવેદનમાં લખાવેલ વિગતોના કારણ માત્રથી તેવા નિવેદનની વિગતો કે તપાસ કરનાર અમલદારની તે અંગેની વિગતો આધારે આરોપીઓ ને તેની સામેના ગુન્હા સાથે સાંકળી શકાય નહિ તેવુ હું માનુ છું. વધુમાં હાલના કામે જે કાંઈપણ મુદ્દામાલ રીકવર કર્યા સંદર્ભે તથા તેના અનુસંધાને પંચનામા કરેલ હોવા સંદર્ભે જે કાંઈપણ પુરાવો આપેલ છે તેવી મુદ્દામાલ રીકવર કર્યા સંદર્ભેની તથા પંચનામાની વિગતોને હાલના કામે તપાસવામાં આવેલ પંચો કે સાહેદ કોઈ જ સમર્થન આપતાં નથી તે જોતાં સાહેદોના અને પંચોના સમર્થન વગરની આવી રીકવરી તથા પંચનામું કર્યા અંગેની માત્ર આઈ.ઓ.ની જુબાની આરોપીઓને તેમની સામેના ગુન્હા સાથે સાંકળવા માટે કાયદાની દ્રષ્ટિએ પુરતાં પુરાવા તરીકે સ્વીકારવી યોગ્ય અને વાજબી નથી. વધુમાં હાલના કામે આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ ડિસ્કવર કરવામાં આવેલ હોય કે કબજે કરવામાં આવેલ હોય તેના સંદર્ભેની કલમ–૨૭ નું કોઈ પંચનામું પુરવાર થયેલ નથી કે તેના સંદર્ભે કોઈ યોગ્ય,પુરતો અને આધારભુત પુરાવો પણ રજૂ થયેલ નથી. તે જોતાં જયારે કોઈ મુદ્દામાલ ડિસ્કવર કે રીકવર કરવામાં આવેલાની બાબત યોગ્ય પુરાવાથી પુરવાર થતી નથી તેવા સંજોગોમાં પણ આરોપીઓને તેમની સામેના ગુન્હા સાથે સાંકળવા યોગ્ય અને વાજબી જણાતું નથી. વધુમાં તપાસનીશ અમલદારે મોબાઈલ ફોન નાં સીમ કાર્ડ સંદર્ભે કે સીમકાર્ડની માલીકીની બાબતનો કોઈ જ દસ્તાવેજ રજુ કરેલ નથી.સીમકાર્ડની માલીકી અંગેના દસ્તાવેજો કબજે કરેલ ન હોય તથા મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ કબજે કરી તેમાંથી કયા અને કોને કોલ કર્યા તેની વિગતો સ્પષ્ટ પુરવાર થતી નથી હોય ત્યારે માત્ર લુંટનો બનાવ કોઈ મોબાઈલ કોલ ડીટેઈલ થયેલ હોય તેવી મૌખિક રજૂઆત આધારે તપાસનીશ અમલદારે સોગંદ પર જે જુબાની આપેલ છે તે જુબાની આરોપીઓને તેમની સામેના ગુન્હા સાથે સાંકળવા માટે પુરતી ન હોવાનું સ્પષ્ટ બને છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં Khant Dhanjibhai Ghusabhai Sarvaiya vs. State of Gujarat - 2014 (1)

G.L.H.424 નાં હાર્દ મુજબ **The Court must ensure that miscarriage of justice is avoided, if the facts and circumstances of a case so demand, than the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt but a fair doubt that is based upon reason and common sense - In the light of the aforesaid settled legal propositions, in a case based upon circumstantial evidence, the judgment remains essentially inferential - Inferences are drawn from established facts as the circumstances lead to particular inferences - The Court must drawn on inference witness respect to whether the chain of circumstances is completed and its collectively considered, the same must lead only to the irresistible conclusion that the accused alone is the perpetrator of the crime in question - Considering the facts and circumstances have not been so completed - Accused deserves to entitled for benefit of doubt.** આમ,ઉપરોકત ચૂકાદા મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનાં તમામ આક્ષેપો શંકા થી પર સાબિત કરવા જોઈએ અને જો ફરીયાદ પક્ષ નિ:શંક પુરાવો રજુ ન કરે તો તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર છે.

**૨૮.** હાલનાં કામે પ્રોસીકયુશન તરફે રજૂ થયેલા સમગ્ર પુરાવાને આરોપીઓ સામે ઘડવામાં આવેલા આરોપો સાથે જોવામાં તો હાલના કામે આરોપીઓએ તેની સામેનાં આક્ષેપ મુજબ ; ગુન્હાહિત કાવતરૂ રચી, પોતાનો સમાન હેતુ પાર પાડવાના આશય થી એસ.ટી.કર્મચારી/ફરીયાદી ગુણવંતભાઈ કેશવભાઈ મકવાણા દૈનિક આવેલ કેશની રકમ તા.૨૫/૧/૦૮ નાં રોજ સાડા દસ અગીયાર વાગ્યાનાં અરસામાં એસ.ટી.ડેપોમાંથી નીકળી, મેઈન બજારમાં આવેલ એસ.બી.આઈ.માં જમા કરાવવા જતાં હતા ત્યારે તેની ઉપર દેશી તમંચા વડે ફાયરીંગ કરી,ફરીયાદી નાં હાથમાં રહેલ લીલા કલરની થેલીમાં રહેલ સરકારી કેશ રોકડ રકમ રૂા.૧,૭૩,૫૮૨ ની લુંટ કરી નાસી જઈ તેની ભાગ બટાઈ કરેલ અને આરોપીઓએ ગુનો કરેલ હોવાનું જાણતાં હોવા છતાં તેને આશ્રય આપી નાસી

જવામાં મદદગારી કરેલ હોવાનો ઉપરોકત વિગતે રજૂ થયેલો સમગ્ર પુરાવો પુરતો ન હોવાનુ તેમજ આરોપીઓને ગુના સાથે સતત સાંકળતો અને નિ:શંક પુરાવો ન હોવાનું મારૂં માનવું છે જેથી પ્રોસકયુશન પક્ષ આરોપીઓ વિરૂધ્ધનાં તહોમતનામા અન્વયેનાં ગુનાનાં આવશ્યક તત્વો બિયોન્ડ રિઝનેબલ ડાઉટ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ આરોપીઓને શંકાનો લાભ આપવો ન્યાયોચિત જણાય છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

**-// હુકમ //-**

| | |
|---|---|
| **૧.** | સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૦ નાં કામનાં આરોપી (૧) પરાક્રમસિંહ ઉર્ફે પી.એમ. મહેન્દ્રસિંહ ગોહીલ (૨) નીઝાર હાજીભાઈ ચારણીયા (૩) મુકેશ ઉર્ફે ટીંબો સવજીભાઈ ગોહીલ (૪) અરૂણ ઉર્ફે પીન્ટુ શ્યામરાવ પાટીલ (૫) દીલીપ ઉર્ફે સુકો બાલાભાઈ મકવાણા તથા સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦ નાં કામનાં આરોપી (૧) શૈલેષભાઈ મનુભાઈ ધાંધલા (૨) દીલીપ ઉર્ફે ડી.કે.કાળુભાઈ મકવાણા (૩) દીલીપ ઉર્ફે દીપક ઉર્ફે જીતુ હરગોવિંદ જોષી (૪) વિનોદભાઈ ઓઘડભાઈ મકવાણા (૫) રમેશભાઈ કેશવભાઈ ચૌહાણ(૬)જીતેન્દ્રકુમાર હરજીભાઈ મકવાણા (૭) લવજીભાઈ પુનાભાઈ મકવાણા(૮)જેન્તીભાઈ રૂખડભાઈ મકવાણા(૯) ઘનશ્યામભાઈ ભાયશંકરભાઈ જાની (૧૦)દયારામ ભાઈ રામજીભાઈ જાની (૧૧)દીનેશકુમાર હરજીભાઈ જાની (૧૨)ચંદુલાલ તુલજાશંકર જાની (૧૩) નારણભાઈ શીવાભાઈ પ્રજાપતિ તથા સેશન્સ કેસ નં. ૧૩/૨૦૨૦ નાં કામનાં આરોપી સુનિલ ઉર્ફે કાલાસોના લુણાજી સીરવીનાંઓ ને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૩૫(૧) અન્વયે ભા.દં.સંહિતાની કલમ-૩૯૫,૩૯૭, ૨૧૨,૩૪ તથા આર્મ્સ એકટ કલમ-૨૫(૧) એ.બી.મુજબનાં શિક્ષાપાત્ર ગુના માંથી પૂરતા પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| **૨.** | સદરહુ ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ વેલ્યુએબલ તેમજ નોન વેલ્યુએબલ મુદ્દામાલ અન્વયે અપીલ સમય બાદ નીચેની અદાલતે ખરાઈ કરી તેની યોગ્ય કાર્યવાહી કરવી. |
| **૩.** | દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ-૪૩૭(એ) ની જોગવાઈ અન્વયે અપીલ સમય સુધીનાં રૂા.૫૦૦૦/-(પાંચ હજાર)નાં જામીન તથા જાત-મુચરકો રજુ રાખવા હુકમ કરવામાં આવે છે. |

| | |
|---|---|
| **૪.** | સદરહુ ચૂકાદાની એક નકલ સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦ તથા સેશન્સ કેસ નં. ૧૩/૨૦૨૦ નાં કામે સામેલ રાખવી. |

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જગદીશકુમાર મુળરાજભાઈ બ્રહમભટ્ટ)
સેકન્ડ એડીશનલ સેશન્સ જજ,
ભાવનગર એટ તળાજા
(GJ-00622)

તા.૨૫-૦૩-૨૦૨૧
સ્થળ : તળાજા.

*jms*